મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર નિષ્પક્ષ અખબાર

સત્ય એના પૂર્ણ સ્વરૂપમાં...

# ગરવી તાકાત

GARVI TAKAT DAILY દૈનિક

તંત્રી : પ્રકાશ આર.ચૌધરી

૦૧-૦૬-૨૦૨૫
રવિવાર

વર્ષ : ૧૧ ★ અંક નં : ૪૮
પેજ : ૪ ★ વિક્રમ સંવત : ૨૦૮૧

કાર્યાલય : ૯,અંબિકા કોમ્પ્લેક્ષ, ટી.બી. રોડ, ભમરિયાનાળા પાસે, મહેસાણા-૨ ● ફોન : ૦૨૭૬૨ ૨૪૨૨૦૧ ● મો : ૯૨૨૭૧ ૧૩૫૫૫ ● કિંમત રૂા.૩-૦૦ ● Email : garvitakat1511@gmail.com ● www : garvitakat.com •• RNI No. GUJGUJ/2015/61367

ગરવી તાકાત
હવે આંગળીના ટેરવે
તમારા ગામ કે શહેરના
સમાચાર વાંચો વેબ પોર્ટલ
ઉપર આંગળીના ટેરવે
Garvitakat.com
લિંક પર કલીક કરો અને
તમારા ગામના કે શહેરના
લેટેસ્ટ સમાચાર તથા ઈ-પેપર
તમારા મોબાઈલમાં વાંચો
Garvi Takat. com

### મહેસાણા જિલ્લા કલેક્ટર એસ.કે.પ્રજાપતિના દિશાનિર્દેશ હેઠળ તેમજ નિવાસી અધિક કલેક્ટર જશવંત કે. જેગોડાના માર્ગદર્શનમાં યોજાઈ મોકડ્રિલ

# મહેસાણામાં આંબેડકર ક્રિકેટ ગ્રાઉન્ડ ઓ.એન.જી.સી. પાલાવાસણા ખાતે તેમજ બી.એસ.એફ.કેમ્પ, અંબાસણ ખાતે મોકડ્રીલ યોજાઈ










## એનસીસી કેડેટ્સ, સિવિલ ડિફેન્સના વોલન્ટીયર, ફાયર ફાઈટર અને મહાનગરપાલીકાની ટીમ, પોલીસની ટીમો સહિત વિવિધ ટીમો બચાવ કામગીરીમા જોડાઈ

(ગરવી તાકાત) મહેસાણા તા.૩૧

કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા દેશના સરહદી વિસ્તારના તમામ રાજ્યોને નાગરિક સુરક્ષા વ્યવસ્થાને મજબૂત કરવા માટે એક મહત્વપૂર્ણ નિર્દેશ જાહેર કર્યો છે. ગૃહ મંત્રાલય દ્વારા 'એર રેઈડ સાયરન' સંબંધિત મોકડ્રીલ યોજવા માટે સૂચના આપવામાં આવી હતી. જે અન્વયે મહેસાણા જિલ્લા કલેકટરશ્રી એસ.કે.પ્રજાપતિના દિશાનિર્દેશ હેઠળ તેમજ નિવાસી અધિક કલેક્ટરશ્રી જશવંત કે. જેગોડાના માર્ગદર્શનમાં મહેસાણા શહેરમાં આંબેડકર ક્રિકેટ ગ્રાઉન્ડ ઓ.એન.જી.સી. પાલાવાસણા ખાતે તેમજ બી.એસ.એફ.કેમ્પ, અંબાસણ ખાતે મોકડ્રીલ યોજાઈ હતી.

આંબેડકર ક્રિકેટ ગ્રાઉન્ડ ઓ.એન.જી.સી. પાલાવાસણા ખાતે એર રેઈડ પછી ઉત્પન્ન થયેલ આગની કટોકટી દરમ્યાન પ્રાથમિક પ્રતિભાવનું મૂલ્યાંકન કરવા માટે જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ અને ONGC મહેસાણા એસેટ દ્વારા સંયુક્ત રીતે દૃશ્ય-આધારિત મોકડ્રીલ હાથ ધરવામાં આવી હતી. સિમ્યુલેશન દરમિયાન લગભગ ૮૦-૧૦૦ કામદારો હાજર હતા. ત્યારે કટોકટી સાયરન વગાડવામાં આવ્યું હતું, અને ONGC એ જિલ્લા આપત્તિ હેલ્પલાઈનને જાણ કરી હતી.

જ્યારે આપત્તિ વ્યવસ્થાપન શાખાએ તાત્કાલિક તમામ લાઈન વિભાગોને ચેતવણી આપી હતી.ONGC ની બચાવ ટીમે SRPF, નાગરિક સંરક્ષણ, પોલીસ, આરોગ્ય, મહેસૂલ વિભાગો અને નહેરુ યુવા કેન્દ્રના સ્વયંસેવકો દ્વારા સહાય કામગીરી હાથ ધરવામાં આવી હતી. ડમી દુર્ઘટના દરમ્યાન ૧૪ વ્યક્તિઓ ગંભીર ઘાયલ થયેલ જેઓને સિવિલ હોસ્પિટલ,મહેસાણા ખાતે વધુ સારવાર માટે મોકલવામાં આવ્યા હતા તથા સામાન્ય ઈજાવાળા ૧૬ વ્યક્તિઓને પ્રાથમિક સારવાર આપી રવાના કરાયા હતાં.

આ કવાયત દરમિયાન ક્ષતિગ્રસ્ત પાણીની પાઈપલાઈનનું સમારકામ કરવામાં આવ્યું હતું.જેના સફળ નિયંત્રણ પછી 'ઓલ સેફ' સાયરન વગાડવામાં આવ્યું હતું. ONGC કોલોની, SRPF કેમ્પ અને નજીકના ગામડાઓમાં રાત્રે ૮:૦૦ થી ૮:૩૦ વાગ્યા સુધી આયોજિત બ્લેકઆઉટથી આપત્તિ પછીની પરીસ્થિતિને પહોંચી વળવા નાગરીકોને જાગૃત કરવામાં આવ્યાં હતા.

આ ઉપરાંત આજરોજ, સાંજે ૫:૦૦ વાગ્યે, અંબાસણ સ્થિત BSF કેમ્પ પર હવાઈ હુમલાની જેમ કટોકટીની સ્થિતિ ઉભી કરવામાં આવી હતી. તેમજ નજીકના રહેવાસીઓને ઘટના અંગે સાવચેત કરવા માટે સાયરન વગાડવામાં આવ્યા હતા.અને પ્રથમ પ્રતિભાવ ટીમ પરિસ્થિતિનું મૂલ્યાંકન કરવા અને કટોકટી પ્રોટોકોલ શરૂ કરવા માટે અસરગ્રસ્ત સ્થળે પહોંચી ગઈ. પરિસ્થિતિ ઝડપથી વણસી ગઈ, જેને ઝડપી અને સંકલિત પ્રતિભાવની જરૂર પડી.ત્યારે નાગરિક સંરક્ષણ ટીમો સ્થળ પર પહોંચી. હુમલાની અસરથી ક્ષતિગ્રસ્ત અને તિરાડવાળા રસ્તાઓને કારણે, તેમને પગપાળા આગળ વધવું પડ્યું. આ ટીમોએ તાત્કાલિક સંબંધિત વિભાગ સાથે સંકલન કરીને રસ્તાઓ સાફ કરવાનું શરૂ કર્યું જેથી કટોકટી વાહનો અને એમ્બ્યુલન્સ વિલંબ કર્યા વિના સ્થળ પર પહોંચી શકે.

બધા નાગરિકો અને BSF કર્મચારીઓને બહાર કાઢવામાં આવ્યા અને ભય દૂર થયો તેની પુષ્ટિ કર્યા પછી, પરિસ્થિતિ નિયંત્રણમાં છે તે દર્શાવવા માટે 'ઓલ સેફ' સાયરન વગાડવામાં આવ્યું.

આ ઘટનાએ નાગરિક સંરક્ષણ, BSF, સ્થાનિક વહીવટ, તબીબી સેવાઓ અને પરિવહન અધિકારીઓ વચ્ચે સમયસર સંકલનનું મૂલ્ય દર્શાવ્યું. ઝડપી અને સંગઠિત પ્રતિભાવે ટૂંકા સમયમાં નુકસાન ઘટાડવા અને સલામતી પુનઃસ્થાપિત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

નોંધનિય છે કે, ઓપરેશન શિલ્ડ અભ્યાસ મોકડ્રિલના ભાગરૂપે સાંજે ૦૫.૦૦ કલાકે શરૂ કરવામાં આવેલ મોકડ્રીલ નિયત સમયમાં પૂર્ણ કરવામાં આવી હતી. મોકડ્રીલ પૂર્ણ થયા તરત બાદ ઉપસ્થિત સૌ ઓફિસ સ્ટાફને વાસ્તવિક યુદ્ધની પરિસ્થિતિમાં ઝડપથી પ્રતિસાદ આપવાની તાલીમ, આત્મ સુરક્ષાની તાલીમ અને સાયરનના પ્રકારો અંગે માહિતી આપવામાં આવી હતી.

### કડી વિધાનસભા કોંગ્રેસ પાર્ટી દ્વારા મધ્યસ્થ કાર્યાલયનું કરાયેલ ઉદ્ઘાટન

## ભાજપમાં ધારાસભ્ય કોઈ હોય અને વહીવટ બીજું કોઈ કરતું હોય છે : પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલ


(તસ્વીર-અહેવાલ : જૈમિન સથવારા, કડી)

(ગરવી તાકાત) કડી તા.૩૧

કડી માં કોંગ્રેસ પાર્ટી દ્વારા જૂની મામલતદાર કચેરી ખાતે જાહેર સભા યોજી અને સાથે સાથે કોંગ્રેસ મધ્યસ્થ કાર્યાલય નું અનેક કોંગ્રેસ ના રાજકીય નેતાઓ ની અધ્યક્ષથાને ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યાં હતાં. અને કોંગ્રેસ દ્વારા પોતાનો ઉમેદવાર જીત મેળવે તે માટે રણનીતિ તૈયાર કરી નાખવામાં આવી હતી અને પ્રચાર પણ શરૂ કરી દિધો હતો.

કાર્યાલય ઉદ્ઘાટનના જાહેર સભા માં કોંગ્રેસ ના કલોલ ના પૂર્વે ધારાસભ્ય બળદેવજી ઠાકોર પણ હાજર રહ્યા હતા અને તેમને ભાજપ ને આડે હાથ લીધી અને કહ્યું હતું કે ભાજપ ના લોકો એવું કહેતાં હોય કે અમે દાદાગીરી કરીશું તો અમે શું ઘરમાં બેસી રહીશું સાથે સાથે ભાજપ જેવી ભાષામાં વાત કરશે તેવી જ ભાષા માં અમે એમને જવાબ પણ આપીશું. સાથે સાથે તેમણે ઉમેર્યુ હતું કે મુસ્લિમ વિસ્તારમાં વિકાસ થતો નથી. તમારો ધારાસભ્ય હશે તો જ વિકાસ થશે અમે મરી નથી ગયા જીવીએ છીએ જેવા અનેક પ્રહારો ભાજપ ઉપર કર્યા હતા અને વિકાસ ના દાવા પોકળ સાબિત કરી નાખ્યાં હતાં.

કડી કોંગ્રેસ પાર્ટી દ્વારા મધ્યસ્થ કાર્યાલયનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું જેમાં અનેક કોંગ્રેસ પાર્ટીના રાજકીય નેતાઓ હાજર રહ્યા હતા અને જાહેર સભાને સંબોધન કરી હતી અને ભાજપને આડે હાથ લીધી હતી. કોંગ્રેસ પાર્ટી ના પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલ, વિપક્ષ નેતા અમિત ચાવડા,સાંસદ ગેનીબેન ઠાકોર,અને પૂર્વ ધારાસભ્ય બળદેવજી ઠાકોર સહિત કોંગ્રેસ પાર્ટી ના નેતાઓ અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

### 'વિશ્વ તમાકુ નિષેધ દિવસ - ૨૦૨૫' : 'તમાકુ અને નિકોટિન ઉત્પાદનો પર ઉદ્યોગનો ખુલાસો' થીમ પર રેલીનું આયોજન

## તમાકુના વ્યસનથી તથા ઉદ્યોગોથી મહિલા,પુરુષો બાળકોને કઈ રીતે દૂર રાખી શકાય તે અંગેનું અપાયેલ માર્ગદર્શન

(ગરવી તાકાત) મહેસાણા તા.૩૧

મહેસાણા મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીશ્રીની અખબારી યાદીમાં જણાવ્યા અનુસાર આજરોજ ૩૧ મે 'વિશ્વ તમાકુ નિષેધ દિવસ - ૨૦૨૫' ની ઉજવણી નિમિત્તે મહેસાણા જિલ્લામાં ડિસ્ટ્રિક્ટ ટોબેકો કટ્રોલ સેલ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા કલેક્ટરશ્રી એસ.કે પ્રજાપતિ તથા જિલ્લા વિકાસ અધિકારીશ્રી ડો. હસરત જૈસ્મીન ના માર્ગદર્શન હેઠળ "Unmasking the Appeal : તમાકુ અને નિકોટીન ઉત્પાદનો પર ઉધોગ યુક્તિઓનો ખુલાસો છે.' ની થીમ પર રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.



આ રેલી તાલુકા હેલ્થ કચેરીથી પ્રસ્થાન થઈ તોરણવાળી સુધી નીકળી હતી. ત્યારબાદ તાલુકા હેલ્થ કચેરીમાં વર્કશોપનું આયોજન કરાયું હતું. ઈ.એમ.ઓશ્રી દ્વારા 'તમાકુ અને નિકોટિન ઉત્પાદનો પર ઉદ્યોગનો ખુલાસા' થીમ પર તમાકુના ઉદ્યોગ કઈ રીતે લોકોને વ્યસન તરફ વાળવા માટે પ્રવૃત્તિ કરે છે. તમાકુ પ્રોડકટના વેચાણ માટે અલગ અલગ ફ્લેવર, ફિલ્મ સ્ટાર તથા માર્કેટીંગ દ્વારા ઉપયોગ કરે છે તેના પર ભાર આપીને એ તરફ ન વળવા સમજાવવામાં આવ્યું હતું.

સી.ડી.એચ.ઓશ્રી તમાકુના વ્યસનથી તથા તમાકુના ઉધોગોથી મહિલા, પુરુષો બાળકોને કઈ રીતે દૂર રાખી શકાય તે માટે ખૂબ સરળ શૈલીમાં ઉપસ્થિત દરેક સ્ટાફને સમજાવ્યું હતુ. તે સિવાય એસ.બી.સી.સી ટીમ ને આરોગ્ય શિક્ષણ આપવાની પ્રવૃત્તિ કરવા સમજાવવામાં આવ્યું હતું. ત્યારબાદ તમાકુ છોડવા અને છોડાવવા માટે ઉપસ્થિત તમામ લોકોએ શપથ લીધા હતા.

આ કાર્યક્રમમાં સી.ડી.એચ.ઓશ્રી, ઈ.એમ.ઓશ્રી, તાલુકા હેલ્થ ઓફિસરશ્રી, મેડિકલ ઓફિસરશ્રી દ્વારા રેલીને પ્રસ્થાન કરાવેલ રેલીમાં આરોગ્ય કર્મીઓ જિલ્લા વહીવટી તંત્રનો સ્ટાફ, એફ.એચ.ડબલ્યુ, આશા વર્કર, હોમગાર્ડ પણ જોડાયા હતા.

### પૂર્વ પરવાનગી મેળવ્યા સિવાય અને વાહન અધિકૃત કરાવ્યા સિવાય વાહનનો ઉપયોગ કરી શકાશે નહીં

## વિધાનસભા પેટા ચૂંટણી દરમિયાન મહેસાણા જિલ્લામાં રાજકીય પક્ષો અને ઉમેદવારો દ્વારા વાહનોના ઉપયોગ પર નિયમન મૂકતુ જાહેરનામુ

(ગરવી તાકાત) મહેસાણા તા.૩૧

આગામી ૨૪-કડી(અ.જા) વિધાનસભા પેટા ચૂંટણી-૨૦૨૫ સંદર્ભે મહેસાણા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી જશવંત કે. જેગોડા દ્વારા ચૂંટણી દરમ્યાન ચૂંટણી ઉમેદવાર / રાજકીય પક્ષો/ઉમેદવારના કાર્યકરો દ્વારા વાહનોના ઉપયોગ સંબંધે વિવિધ નિયંત્રણો મૂકતું જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.આ જાહેરનામામાં જણાવ્યા પ્રમાણે કોઈપણ ચૂંટણી ઉમેદવાર/રાજકીય પક્ષો/ઉમેદવારના કાર્યકરો આગામી ૨૪-કડી(અ.જા) વિધાનસભા પેટા ચૂંટણી-૨૦૨૫ ના સંબંધિત ચૂંટણી અધિકારીશ્રી/ મદદનીશ ચૂંટણી અધિકારશ્રીની પુર્વ પરવાનગી મેળવ્યા સિવાય અને વાહન અધિકૃત કરાવ્યા સિવાય વાહનોનો ઉપયોગ કરી શકશે નહી. જે વાહનો અધિકૃત કરવામાં આવેલ હોય તેની પરવાનગીની અસલ પ્રત અધિકૃત કરેલ વાહન પર ફરજીયાત લગાડવાની રહેશે. પરવાનગીની ઝેરોક્ષ નકલ ચોટાડવાની રહેશે નહી. વાહન અધિકૃત થયા અંગેની પરમીટ વાહન પર દુરથી સ્પષ્ટ રીતે જોઈ શકાય તે રીતે ચોટાડવાની રહેશે તેમજ પરમીટની અંદર વાહનના નંબર અને ઉમેદવારનું નામ ફરજીયાત દર્શાવવાનું રહેશે.

## જીવનભર સંઘર્ષ કરી લોકમાતાનું બિરૂદ પામનાર અહલ્યાબાઈની ત્રિ શતાબ્દિ વર્ષે મહેસાણા શહેરમાં ભવ્ય શોભાયાત્રા નિકળી

(ગરવી તાકાત) મહેસાણા તા.૩૧

જીવનભર સંઘર્ષ કરી લોકમાતાનું બિરૂદ પામનાર અહલ્યાબાઈનું ૭૦ વર્ષની વયે નિધન થયું. તેમના મૃત્યુ પછી એમની સાથે રહી રાજકારોબારની દેખરેખ રાખનાર એમના સેનાપતિ તુકોજીરાવ ગાદી પર બેઠા. તેમણે અહલ્યાબાઈની સ્મૃતિમાં ઈન્દ્રોર, પ્રયાગ, નાસિક ગયા. અયોધ્યા અને મહેશ્વર ખાતે તેમની મૂર્તિઓ બનાવી મંદીરોમાં સ્થાપિત કરી.અહલ્યાબાઈનું સમગ્ર જીવન પ્રજાસેવા, ધર્મકાર્ય અને પરોપકારનું



જીવંત ઉદાહરણ બની લોકોને પ્રેરણા આપતું રહ્યું છે. આવા પુણ્યશ્લોક લોકમાતા અહલ્યાબાઈની ત્રિ-શતાબ્દી વર્ષે કોટિ કોટિ વંદન.

## મહેસાણા જિલ્લામાં કોરાનાના કૂદને ભૂસકે વધતાં કેસો : આરોગ્ય વિભાગ સતર્ક

(ગરવી તાકાત) મહેસાણા તા.૩૧

મહેસાણા જિલ્લામાં કોરોના વાયરસના નવા કેસ નોંધાયા છે. કડી શહેરમાં ૨ અને મહેસાણા શહેરમાં ૧ એમ કુલ ૩ નવા કેસ સામે આવ્યા છે. જિલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય વિભાગ સતર્ક બન્યા છે.

આરોગ્ય વિભાગે ૬ વ્યક્તિઓના RTPCR ટેસ્ટ કર્યા હતા. તેમાંથી ૨ પુરુષ અને ૧ મહિલાનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ



૧૭ કેસ નોંધાયા છે.હાલમાં ૧૦ દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર લઈ રહ્યા છે. ૭ દર્દીઓએ કોરોનાને માત આપી સાજા થઈને ઘરે પરત ફર્યા છે. આરોગ્ય વિભાગ સ્થિતિ પર સતત નજર રાખી રહ્યું છે.




# જો સરદાર પટેલની સલાહ માની લેવાઈ હોત

ભારતની આઝાદી બ ાદથી જ કાશ્મીરનો મુદ્દો દેશ માટે એક મોટી સમસ્યા બની ગયો છે. કાશ્મીરને લઈને ત્રણ યુદ્ધ ભારત અને પાકિસ્તાન વચ્ચે થઈ ચૂક્યાં છે અને ૯૦ના દાયકાથી પાકિસ્તાને કાશ્મીરને આતંકવાદ દ્વારા અશાંત કર્યું છે. હંમેશાં એ વાત કહેવામાં આવે છે કે પંડિત નેહરુ જ કાશ્મીર સમસ્યા માટે જવાબદાર છે, જો તેમણે કાશ્મીરના ભારતમાં વિલય સમયે દિલથી નહીં દિમાગથી વિચાર્યું હોત તો આજે સ્થિતિ કંઈક જુદી હોત. પીએમ મોદીએ હાલમાં જ આ વાતને ઉખેડી છે અને કહ્યું કે આઝાદી બાદ પંડિત નેહરુએ સરદાર પટેલનું ન સાંભળ્યું, જો સાંભળ્યું હોત તો કાશ્મીરની આ હાલત ન હોત.

ભારતના ભાગલા બાદથી જ પાકિસ્તાને કાશ્મીરને પડાવી લેવા માટે ખોટા પ્રયાસ કર્યા છે. આઝાદીના તરત બાદ જ તેણે કબીલાઈઓ દ્વારા જમ્મુ-કાશ્મીર પર હુમલો કર્યો હતો. આ હુમલાને કારણે જમ્મુ-કાશ્મીરના કેટલાક હિસ્સા પર પાકિસ્તાનનો કબ્જો છે. એ જ પાક અધિકૃત કાશ્મીરમાં પાકિસ્તાન આતંકવાદીઓને શરણ આપે છે, તેમના માટે ટ્રેનિંગની વ્યવસ્થા કરે છે અને ભારતને આતંકવાદની આગમાં બાળતું રહે છે. ૧૯૪૮માં જ્યારે ભારત-પાકિસ્તાન વચ્ચે યુદ્ધ થઈ રહ્યું હતું તો પંડિત નેહરુ અને સરદાર વલ્લભભાઈ પટેલ વચ્ચે કાશ્મીર મુદ્દે કેટલાક મતભેદો હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું કહેવું છે કે જો એ સમયે સરદાર પટેલની સલાહ માની લેવાઈ હોત તો આપણે પહેલગામ હુમલો ન જોવો પડ્યો હોત. વડાપ્રધાનના આ નિવેદનનો અર્થ એ છે કે કાશ્મીરને લઈને તત્કાલીન વડાપ્રધાન નેહરુથી કેટલીક ભૂલો થઈ, જેનું નુકસાન આજે પણ આપણે ભોગવી રહ્યા છીએ. તેઓ એમ પણ કહેવા માગે છે કે સરદાર પટેલ એ સમયે સાચા હતા, જો તેમની વાત માની લીધી હોત તો આજે પરિસ્થિતિઓ અલગ હોત.

પંડિત નેહરુ અને સરદાર પટેલ બંને એ વાતે સહમત હતા કે કાશ્મીરને ભારતનું અંગ હોવું જોઈએ. જ્યારે આઝાદી સમયે કાશ્મીરે વિલય પત્ર પર હસ્તાક્ષર ન કર્યા અને સ્વતંત્ર રહેવાની ઈચ્છા વ્યક્ત કરી તો નેહરુ અને પટેલ બંનેને આ વાત પસંદ નહોતી પડી. ભારતીય વિદેશ સેવાના અધિકારી સી.દાસગુપ્તાએ પોતાના પુસ્તક 'વોરએન્ડ ડિપ્લોમસી ઈન કાશ્મીર, ૧૯૪૭-૪૮'માં એ સ્પષ્ટ લખ્યું છે કે પંડિત જવાહરલાલ નેહરુ અને સરદાર વલ્લભભાઈ બંને કાશ્મીર સ્વતંત્ર કે તટસ્ત રહેવાના પક્ષમાં ન હતા. બંનેનું માનવું હતું કે કાશ્મીરનું સ્વતંત્ર રહેવું ભાતની સુરક્ષા અને સંપ્રભુતા માટે ખતરો બનશે. હા, એ પણ એક સચ્ચાઈ છે કે કાશ્મીરના મુદ્દાને સરદાર પટેલ સૈન્ય કાર્યવાહીથી હલ કરવા માગતા હતા, જ્યારે નેહરુ કૂટનીતિક રીતે.

કાશ્મીરને લાલચુ નજરોથી જોનારું પાકિસ્તાન કોઈપણ સ્થિતિમાં કાશ્મીરને હડપવા માગતું હતું. આ માનસિકતાને કારણે જ્યારે ભારતના ભાગલા થયા અને દેશના ત્રણ ટુકડા થયા તો પાકિસ્તાન કાશ્મીરને પડાવી લેવા માગતું હતું, કારણ કે આઝાદી સમયે કાશ્મીરે સ્વતંત્ર રહેવાનો વિકલ્પ પસંદ કર્યો હતો. તે ના તો ભારત સાથે હતું અને ના પાકિસ્તાન સાથે. આ જ વાતનો ફાયદો ઉઠાવતાં પાકિસ્તાને કબીલાઈઓની મદદથી ત્યાંના રાજા હરિસિંહ પર હુમલો કરી દીધો. હુમલા બાદ રાજા હરિસિંહે ભારત પાસે મદદ માગી. નેહરુ અને પટેલ બને એ સમયે કાશ્મીરને સૈન્ય મદદ આપવાના પક્ષધર હતા, પરંતુ અંગ્રેજોએ તેમને રોક્યા. તેમનું માનવું હતું કે જો ભારત એક સ્વતંત્ર રાષ્ટ્રની મદદ કરશે તો ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધ છેડાઈ જશે. તેમણે વિલય પત્ર વિના કાશ્મીરને મદદ કરવાથી રોક્યું હતું. કાશ્મીરે જ્યારે વિલયપત્ર પર હસ્તાક્ષર કર્યા, ત્યારે જઈને ભારત કાશ્મીરમાં સૈન્ય કાર્યવાહી કરી શક્યું. પુસ્તકમાં લખવામાં આવ્યું છે કે સરદાર પટેલ કાશ્મીર મુદ્દા પર નિર્ણાયક સૈન્ય કાર્યવાહીના પક્ષધર હતા, જ્યારે નેહરુ વધારે કૂટનીતિક દષ્ટિકોણ અપનાવવા માગતા હતા. કાશ્મીર મુદ્દો બ્રિટિશ અધિકારીઓની ભૂમિકા અને નેહરુ-પેટલ વચ્ચે મતભેદોને કારણે ઘણું જટિલ થઈ ગયું હતું.

**તંત્રી : પ્રકાશ ચૌધરી**

# વિજયનગર તાલુકામાં બેંક ઓફ બરોડાનું ધાબુ ધારાશાયી થતાં કર્મચારીઓ ગવાયા

(ગરવી તાકાત) વિજયનગર તા.૩૧

વિજયનગર તાલુકામાં આજરોજ બેંક ઓફ બરોડા નું ચાલુ કામકાજ દરમિયાન ધાબુ ધારાશાયી થતા કર્મચારી ઉપર પડતાં હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. વિજયનગર તાલુકામાં આવેલ આ બેંકનું મકાન વર્ષો જૂનું મકાન હોવાથી આજરોજ ધાબુ તૂટી જવાથી કર્મચારી તેમજ ગ્રાહકોને મોટું નુક્સાન થયેલ છે. આ બેંક ની સુવિધાઓ ઉપર જવા માટે સાંકડી સીડી નો ઉપયોગ થતો હતો. અને ઈમર્જન્સી કોઈ જાનહાનાને થાય તો બહાર જવા માટે કોઈ વિકલ્પ જોવા મળતો નથી. યોગ્ય સુવિધા વગરના આ મકાનમાં બેંક ચાલતી હોવાથી બેંકના કર્મચારીઓ અને ગ્રાહકોને સુવિધા માટે મુશ્કેલીનો સામનો પારાવાર કરવો પડતો હતો છતાં બેંક દ્વારા આજ સુધી કોઈપણ જાતના નકર પગલાં લેવામાં આવ્યા નથી. આવનારા સમયમાં યોગ્ય સુવિધા સભર મકાનમાં બેંક ચાલુ થાય



તેવી ગ્રાહકોની માગણી છે. આવા જર્જરીત મકાન ના કારણે જો કોઈ મોટી દુર્ઘટના સર્જાય તો તેના માટે જવાબદાર કોણ બેંકના ઉચ્ચ અધિકારીઓ ની મિલીભગતથી આ મકાનની પરમિશન આપવામાં આવતી હતી. જેના કારણે આજે મોતનો મલાજો નીકળ્યો હોત તો જવાબ કોણ આપત. તાત્કાલિક અસરથી બેંકને યોગ્ય જગ્યાએ ખસેડવા વિજયનગર તાલુકાના જનતા ની માગણી છે.

## વિસાવદરમાં 'આપ' ની જંગી રેલી : ગોપાલ ઈટાલીયાએ ઉમેદવારી નોંધાવી

# ગોપાલ ઈટાલીયાને જીતાડો; ભાજપ ખરીદી નહી શકે : અરવિંદ કેજરીવાલની ચેલેન્જ

**દિલ્હીના પુર્વ મુખ્યમંત્રીએ પેટાચૂંટણીનો પ્રચાર શરૂ કર્યો : પંજાબના મુખ્યમંત્રી માન, દિલ્હીના પુર્વ મુખ્યમંત્રી આતિષી સહિતના અગ્રણીઓ હાજર**

**૧૮ વર્ષથી જીતી નહી શકતો ભાજપ વિજેતાને ખરીદી લે છે, અમારો પણ એક સિક્કો ખોટો નિકળ્યો : પણ ગોપાલ નહી વેચાય : કેજરીવાલનો ભરોસો**





(ગરવી તાકાત) વિસાવદર તા.૩૧

ગુજરાતમાં આગામી માસમાં યોજાનારી વિસાવદર અને કડી વિધાનસભા બેઠકની પેટાચૂંટણીમાં આજે વિસાવદરમાં આમ આદમી પાર્ટીના ઉમેદવાર ગોપાલ ઈટાલીયાના ઉમેદવારીપત્રક પુર્વે દિલ્હીના પુર્વ મુખ્યમંત્રી તથા આમ આદમી પાર્ટીના વડા અરવિંદ કેજરીવાલે એક જબરા રોડ શો બાદ હજારોની રેલીને સંબોધન કરતા કહ્યું કે છેલ્લા ૧૮ વર્ષમાં વિસાવદરની જનતાએ આ વિસ્તારમાં ભાજપને ઘુસવા દીધુ નથી.

પહેલા કોંગ્રેસ અને બાદમાં આમ આદમી પાર્ટીને વિજેતા બનાવી હતી પણ ભાજપ બદમાશી કરીને હર્ષદ રીબડીયા અને ભુપત ભાયાણી બન્નેને ખરીદી લીધા પણ હવે અમોએ ગોપાલ ઈટાલીયાને ઉમેદવાર બનાવ્યા છે અને ભાજપને મારો પડકાર છે કે ગોપાલ ઈટાલીયાને તો તે ખરીદી બતાવે તો હું રાજકારણ છોડી દઈશ.

ગઈકાલે દિલ્હીથી દિવ અને બાદમાં આજે વિસાવદર આવી પહોંચેલા શ્રી કેજરીવાલની સાથે પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન દિલ્હીના પુર્વ મુખ્યમંત્રી આતિષી, આમ આદમી પાર્ટીના ગુજરાતના વડા ઈસુદાન ગઢવી પક્ષના પ્રભારી વિ.હાજર હતા.

તેઓએ કોંગ્રેસ પર પણ પ્રહાર કરતા કહ્યું કે, આ પક્ષ ભરોસાપાત્ર રહ્યો નથી. કોંગ્રેસ પણ ભાજપની નોકરી જ કરે છે. શ્રી કેજરીવાલે કહ્યું કે, અમારો એક સિકકો પણ ખોટો નિકળ્યો છે પણ હું હવે ભાજપને ચેતવણી આપવા આવ્યો છે.

તમો કોઈને પણ જીતાડો તે ભાજપ ખરીદી લેશે તે વાત હવે ખોટી પડશે. ગોપાલ ઈટાલીયાને જીતાડો તેને કોઈ ખરીદી શકશે નહી અને હું ભાજપને ચેલેન્જ કરુ છું કે તમો જો ઈટાલીયાને ખરીદી શકશો તો હું રાજકારણ છોડી દઈશ.

અમારો ગોપાલ કોઈથી ડરતો નથી તે ફકત વિસાવદર નહી પુરા ગુજરાત માટે લડાશે. વિધાનસભામાં જઈને ખેડુતોના પ્રશ્ન ઉઠાવશે. બાદમાં ગોપાલ ઈટાલીયાએ તેનું નામાંકન કર્યુ હતું.

## વિસનગર સાંકળચંદ યુનિવર્સીટીના નૂતન કોલેજ ઓફ નર્સિંગના વિદ્યાર્થીઓ દ્વારા

# વિશ્વ તમાકુ નિષેધ દિવસ નિમિત્તે દેણપ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે નાટક ભજવી માહિતી આપી

(ગરવી તાકાત) મહેસાણા તા.૩૧

વિસનગર સાંકળચંદ યુનિવર્સિટીના નૂતન કૉલેજ ઑફ નર્સિંગ દ્વારા નર્સિંગના વિદ્યાર્થીઓએ વિશ્વ તમાકુ નિષેધ દિવસ નિમિત્તે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, દેનપ ખાતે લોકજાગૃતિ ના હેતુથી બીએસસી સેમેસ્ટર ૨ ના વિધ્યાર્થી એ નાટક ભજવી સ્વાસ્થ્ય શિક્ષણ આપી, તારીખ ૩૧ મેં ૨૦૨૫, સવારે ૧૦ વાગ્યેના રોજ ઉજવણી કરી હતી. નાટક ની સમાપ્તિબાદ બાદ સમુદાય ને તમાકું ખાવાથી થતા સ્વ નુકસાન અને પરિવાર પરથતી આડ અસર વીસે માહિતી આપી. જેમાં વિશ્વ તમાકુ નિષેધ દિવસ ૨૦૨૫ ની થીમ છેઃ ×અપીલનો પર્દાફાશઃ તમાકુ અને નિકોટિન ઉત્પાદનો પર ઉદ્યોગની



યુક્તિઓનો પર્દાફાશ છે. આ થીમ તમાકુ નિષેધ માટે શિક્ષણ,જાગૃતિ અને સુલભતાના મહત્વ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. તે એવી દુનિયા બનાવવા પર ભાર મૂકે છે જ્યાં તમાકુ ને સંપૂર્ણરીતે આપણે આપના દેસ માથી સંપુર્ણ પણે નિષેધ કરવા માટે મદદરૂપ બનીએ.

આ કાર્યક્રમ સામુહિક આરોગ્ય નર્સિંગ વિભાગ, નૂતન કૉલેજ ઑફ નર્સિંગ દ્વારા આયોજિત કરવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમ બધા માટે ખુબ જ અસરકારક રહ્યો હતો. આ કાર્યક્રમમાં અતિથિ વિષેશ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર,દેણપ મેડિકલ ઓફિસર અને અન્ય સ્ટાફ તેમજ નૂતન કૉલેજ ઑફ નર્સિંગના ફેકલ્ટી એ. પ્રૉ.દેવી , આસિસ્ટન્ટ પ્રો. દિયા અને ટ્યૂટર પ્રાચી મેડમ ઉપસ્થિત રહ્યાં હતાં. આ કાર્યક્રમ નર્સિંગ ફાઉન્ડેશન વિભાગ ના હેડ પ્રૉ.દેવી , આસિસ્ટન્ટ પ્રો. દિયા અને ટ્યૂટર પ્રાચી મેડમ દ્વારા આયોજિત કરવામાં આવ્યો હતો.

કૉલેજના પ્રિન્સિપાલ ડૉ. શિવાસુબ્રમણ્યમએ સામુહિક આરોગ્ય નર્સિંગના હેડ પ્રો. દેવી મેડમનો આભાર વ્યક્ત કર્યો હતો. જે બદલ સાંકળચંદ યુનિવર્સિટીના પ્રમુખ પ્રકાશભાઈ પટેલ, પ્રોવોસ્ટ ડૉ. પી. એમ. ઉદાણી, નૂતન કૉલેજ ઑફ નર્સિંગના પ્રિન્સિપાલ ડૉ. શિવાસુબ્રમણ્યમ, વાઈસ પ્રિન્સિપાલ ડૉ. મહાલક્ષ્મી તેમજ તમામ ફેક્લટીએ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યાં હતાં.

# બનાસકાંઠા જિલ્લાના નડાબેટ ખાતે 'ઓપરેશન શિલ્ડ' અંતર્ગત તાલીમનું આયોજન કરાયું: સરહદી ગામ જલોયા ખાતે નાગરિકોનું કરાયું સ્થળાંતર

**નડાબેટ ખાતે વાવ અને સુઈગામ તાલુકાના બહોળી સંખ્યામાં નાગરિકોએ સિવિલ ડિફેન્સની મેળવી તાલીમ**

કેન્દ્રીય ગૃહ મંત્રાલયના નિર્દેશ અનુસાર બનાસકાંઠા જિલ્લામાં ભારત-પાકિસ્તાન બોર્ડર નડાબેટ ખાતે સિવિલ ડિફેન્સ અંતર્ગત ×ઓપરેશન શિલ્ડ× તાલીમનું આયોજન કરાયું હતું તથા સરહદી સુઈગામ તાલુકાના જલોયા ગામ ખાતે નાગરિકોનું સુરક્ષિત સ્થળે સ્થળાંતર કરાયું હતું. બનાસકાંઠા જિલ્લા કલેકટરશ્રી મિહિર પટેલના માર્ગદર્શન હેઠળ જિલ્લા પોલીસ વડા અક્ષયરાજ મકવાણાના નેતૃત્વમાં આયોજિત તાલીમમાં સરહદી વિસ્તારના બહોળી સંખ્યામાં નાગરિકો જોડાયા હતા. પોલીસ, મહેસૂલ, આરોગ્ય, વીજળી, ફાયર, નગરપાલિકા, એન.સી.સી, વોલીન્ટીયર્સ તથા હોમગાર્ડની ટીમો તાલીમમાં જોડાઈ હતી.




(તસ્વીર-અહેવાલ : નવીન ચૌધરી, સુઇગામ)

જેમાં સૌપ્રથમ હવાઈ હુમલા અંતર્ગત સાયરન વગાડવામાં આવી હતી જેમાં નાગરિકો ઝડપથી સુરક્ષિત સ્થાન પર પહોંચ્યા હતા. આ હવાઈ હુમલામાં ૮ જેટલા લોકો ઘાયલ થતા તત્કાલિક એમ્બ્યુલન્સ મારફત સારવાર માટે ખસેડાયા હતા. હવાઈ હુમલા સામે ફાયરની ટીમ દ્વારા આગ પર કાબુ મેળવવા આવ્યો હતો તથા રાહત અને બચાવ માટે જી.સી.બી દ્વારા કાટમાળને દૂર કરાયો હતો જેમાં ૨ લોકોને કાટમાળથી બહાર કઢાયા હતા જે સારવાર દરમિયાન મૃત જાહેર કરાયા હતા. સુઈગામ તાલુકાના જલોયા ગામ ખાતે નાગરિકોને સ્થળાંતર કરવા માટેની તાલીમનું આયોજન કરાયું હતું જેમાં નાગરિકોને સ્થળાંતર સ્થળે ખસેડવામાં આવ્યા હતા.જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી અક્ષયરાજ મકવાણાએ જણાવ્યું હતું કે, વાવ અને સુઈગામ તાલુકાના કુલ ૧૨૨ ગામો માટે તકેદારીના ભાગરૂપે આયોજિત તાલીમમાં ખુબ જ ઓછા સમયમાં નાગરિકોની સુરક્ષા સુનિશ્ચિત કરી શકાય તથા રાહત અને બચાવની કામગીરી કરી શકાય તે મુજબનું આયોજન કરાયું હતું. ઘાયલ નાગરિકોને ઝડપથી હોસ્પિટલ ખાતે પહોંચાડી શકાય તથા જરૂર પડે બ્લડની વ્યવસ્થા કરી શકાય તે મુજબનું આયોજન કરાયું હતું.

આ સિવિલ ડિફેન્સ તાલીમ નાગરિકોની સુરક્ષાના ભાગરૂપે કરવામાં આવી છે. યુધ્ધ સહિત કોઈપણ કુદરતી ગંભીર આપત્તિ વ્યવસ્થાપન સમયે ઈજાગ્રસ્ત અને ફસાયેલા નાગરિકોને સુરક્ષિત સ્થળે ખસેડવા, પ્રાથમિક સારવાર ઉપલબ્ધ કરાવવી જેવી પ્રવૃત્તિઓ હાથ ધરાઈ હતી.

## ગ્રહોનો રાઝ આપની આજ




**મેષઃ** આજે દરેક કાર્યમાં વિજયનો દિવસ રહેશે, પરંતુ આ સમય માટે યોગ્ય રીતે ઉપયોગ કરવો પડશે. પિતાના માર્ગદર્શનથી ઘરની સમસ્યાઓ ક્ષેત્રે ઉકેલાશે.

**વૃષભઃ** આજે સખત મહેનતની સ્થિતિ ઓછી રહેશે, તેનાથી વિપરિત મહત્વાકાંક્ષા વધારે રહેશે. નાની બાબતોમાં ઘરનું વાતાવરણ ઉગ્ર બની શકે છે. બાળકોની જીદને લીધે ચિંતા થઈ શકે છે. લવ લાઈફ સ્થિરતા લાવશે.

**મિથુનઃ** લાંબા સમયથી મિત્ર સાથેનો તણાવ સમાધાનના સ્તરે સમાપ્ત થશે. તમને આમાં રાહત મળશે ત્યાં તો કોઈ ઉપયોગી વ્યક્તિનો તમારા જીવનમાં પાછા આવવાનો આનંદ પણ રહેશે. આર્થિક બાજુ સારી રહેશે અને દૈનિક વેપારીઓને ધનનો લાભ મળશે.

**કર્કઃ** આજીવિકાના ક્ષેત્રમાં તમારા અનુભવને અન્ય લોકો પણ જાણવા લાગ્યા છે, થોડા દિવસો પછી નવી તકો પણ મળી શકે છે. જો વ્યવસાય સામાન્ય હોય તો પણ તેમની પોતાની ભૂલોને લીધે તેઓ તેમના લાભથી વંચિત રહેશે.

**સિંહઃ** પરિવારમાં કોઈ શુભ કામનું આયોજન કરવામાં આવે તેવી સંભાવના છે. લગ્ન કરવા માગતા વ્યક્તિની વાત આગળ વધી શકે છે. રોજગારી મેળવનારા યુવાનોને સફળતા મળશે. જીવનસાથી તરફથી ભેટો મળવાની સંભાવના છે.

**કન્યાઃ** તમારા મતે કાર્યકારી વાતાવરણમાં સુધારો થશે અને સાથીદારોના સહયોગથી પ્રોજેક્ટ સમયસર પૂર્ણ થશે. આરોગ્ય સારું રહેશે, છતાં ભીડવાળી જગ્યાઓ પર જવાનું ટાળો. જો તમારા પૈસા કોઈ યોજના અથવા યોગ્ય રોકાણ માટે ખર્ચ કરવામાં આવે તો તે વધુ સારું રહેશે

**તુલાઃ** વ્યવસાયમાં અગાઉ લેવાયેલા નિર્ણયો આજે સાર્થક થઈ શકે છે, તેથી નફાની પરિસ્થિતિઓમાં વિકાસ થશે. વિદેશી કંપની સાથેની વ્યવસાયિક ભાગીદારી માટે સમય સારો છે. વિવાહિત જીવનમાં મધુરતા આવશે.

**વૃશ્ચિકઃ** આજે ભાઇઓ સાથે મર્યાદિત વર્તન કરવું સારું રહેશે, નહીં તો થોડો માનસિક ત્રાસ આવી શકે છે. પારિવારિક વાતાવરણ સામાન્ય રહેશે પરંતુ ખુશીની ક્ષણમાં ઉદાસી રહેશે. સ્વાસ્થ્યમાં થોડી નરમાઈ રહેશે. જો તમારી પાસે ઓફિસમાં સમય હોય તો, અધૂરા વ્યવસાયને પૂર્ણ કરો.

**ધનઃ** તમારે વ્યાવસાયિક કાર્યમાં વધુ કામ કરવું પડશે, નહીં તો તમારા હિસ્સાનો બીજાને પણ ફાયદો થઈ શકે છે, બેદરકારી ટાળો. ક્ષેત્રમાં રોકાણ કરવાથી પરિસ્થિતિને નિયંત્રણમાં રાખવામાં મદદ મળી શકે છે અને સારું વળતર પણ મળી શકે છે.

**મકરઃ** આજનો દિવસ સફળ છે, પરંતુ તમારી વાણી અને વર્તનને સંતુલિત રાખવો મહત્વપૂર્ણ છે. માત્ર ઓછા નફાને સંતોષ આપીને દિવસનો લાભ લઈ શકાય છે, નહીં તો વધારે લાભની તકમાં ચર્ચા થઈ શકે છે અને મામલો પણ હાથમાંથી નીકળી શકે છે. પરિવારનું વાતાવરણ સુખદ રહેશે.

**કુંભઃ** આજે દિવસની શરૂઆતમાં તમે જે કામથી ઉત્સાહ સાથે કરશો તે પછી પૂર્ણ થશે. કોઈ માનસિક મૂંઝવણ અથવા ડરને લીધે તમારું સ્વાસ્થ્ય સારું નહીં રહે અને કામ ધીમું પડશે. ક્ષેત્રના સ્પર્ધકો તમારા કામના ભાગને છીનવી લેવા માટે તમામ પ્રયત્નો કરશે

**મીનઃ** આજનો દિવસ તમારી વિચારસરણીનો બરાબર વિરોધી રહેશે, તમે વિચારશો અને કંઇક જુદું હશે. ધંધામાં જૂની યોજનાઓથી પૈસામાં ફાયદો થશે, પરંતુ નબળા નસીબના કારણે તમને થોડીક અછતનો અનુભવ થશે.

## ફિલ્મી ગપશપ

## જીયો હોટસ્ટાર પર વેબ -સીરીઝ

# ક્રિમિનલ જસ્ટિસ એ ફેમિલી મૈટરમાં રોમાંચક કોર્ટ ડ્રામાં : પંકજ અને સુરવીન ચમકયાં

આમ તો સામાન્ય માણસને કોર્ટથી દૂર રહેવું ગમે છે, પરંતુ ન્યાયના આ કોરિડોરની વાતો જો યોગ્ય રીતે કહેવામાં આવે તો લોકો ખૂબ જ રસપૂર્વક જુએ છે અને સાંભળે છે. આ જ કારણ છે કે ઓટીટી પર કાનૂની પ્રણાલી પર આધારિત શ્રેણીઓને સારી રીતે પસંદ કરવામાં આવી હતી.

પરંતુ તેમાં હાલમાં ક્રિમિનલ જસ્ટિસ સૌથી વધુ જોવાઈ રહી છે. પંકજ ત્રિપાઠી અભિનીત કોર્ટરૂમ ડ્રામા એ કેટલીક સફળ શ્રેણીમાંની એક છે જે તેની ચોથી સિઝનમાં પહોંચી ગઈ છે.

તેની ચોથી સિઝનમાં ક્રિમિનલ જસ્ટિસઃ અ ફેમિલી મેટરમાં વકીલ માધવ મિશ્રા (પંકજ ત્રિપાઠી) એક જટિલ હાઇ-પ્રોફાઈલ કેસ લડે છે, જે તેને અંત સુધી જકડી રાખે છે એટલું જ નહીં, પરંતુ લાગણીશીલ પણ રહે છે. આ વાર્તા એક જાણીતાં સર્જન ડો.રાજ નાગપાલ (મોહમ્મદ ઝીશાન આયુવ) અને તેમનાં પરિવારની આસપાસ ફરે છે. રાજ પત્ની અંજુ (સુરવીન ચાવલા)થી અલગ થઈ ગયો છે, પરંતુ તે સામેના ફ્લેટમાં રહે છે અને તેમની પુત્રી ઈરાને પેરીટીંગ કરે છે કે જેને એસ્પર્જર સિન્ડ્રોમ છે, તેથી નર્સ રોશની (આશા નેગી) તેની સંભાળ રાખે છે.

આ દરમિયાન રોશની અને રાજ એકબીજાના પ્રેમમાં પણ પડી જાય છે, પરંતુ એક દિવસ રોશનીની હત્યા થઈ જાય છે, જેનો દોષ રાજ પર જાય છે. સાથે જ રાજને સપોર્ટ કરવા બદલ અંજુની ધરપકડ પણ કરવામાં આવી છે. હવે રાજને નિર્દોષ,સાબીત કરવાની જવાબદારી વકીલ વન માધવ મિશ્રા (પંકજ ત્રિપાઠી) પ ર આવી જાય છે.

જ્યારે સરકારી વકીલ તરીકે તેમની સામે લેખા અગસ્ત્ય (શ્વેતા પ્રસાદ વસુ) અને અંજુ, તેમના વિરોધી એડવોકેટ મંદિરા માથુર (મીતા વશિષ્ઠ)ના બચાવમાં આવે છે. હવે, આ ત્રિપુટી કોની સાથે તેમની દલીલો નકારે છે ? કોણ સાચું છે અને કોણ ખોટું છે તે જાણવા માટે તમારે શ્રેણી જોવી પડશે.

હરમન વડાલા, રાહુલ વેદ પ્રકાશ, વર્ષા રામચંદ્રન, રિયા પૂજારીની આ કહાની એક સરસ મર્ડર મિસ્ટ્રીના માપદંડોનો એક પરફેક્ટ જવાબ છે. શરૂઆતમાં થોડું ખેંચાયેલું લાગે છે. ખાસ કરીને પ્રારંભિક તપાસ અને ઈન્સ્પેક્ટર ગૌરીના ઘરેલુ પાસાઓના દ્રશ્યો, પરંતુ કોર્ટ આવતાની સાથે જ તે સારી દીશા પકડે છે.એકંદરે, રોહન સિપ્પી દિગ્દર્શિત આ ચોથી સીઝન એવી છે કે જેની વાર્તા એક પછી એક લેયર જાહેર કરતી રહે છે. સાથે જ સસ્પેન્સ પણ અંત સુધી અકબંધ રહે છે. માધવ મિશ્રા અંતે જીતશે એવું અનુમાન લગાવવું ભલે મુશ્કેલ નથી, પરંતુ વાર્તા તેને અંત સુધી જકડી રાખે છે. તેમાં હત્યાના રહસ્યના રોમાંચ સાથે બિમાર પુત્રીને ઉછેરતા માતાપિતાની ઘણી ભાવનાત્મક ક્ષણો પણ છે. પંકજ ત્રિપાઠી, સુરવીન ચાવલા, મોહમ્મદ ઝીશાન અયુબ, મીતા વશિષ્ઠ, શ્વેતા પ્રસાદ વાસુ જેવા તેના અનુભવી કલાકારો છે. પંકજ ત્રિપાઠીએ આ વખતે માધવ મિશ્રાની ભૂમિકા પણ તેમના પરિચિત અંદાજમાં પડદા પર ભજવી છે. તેનાં વન-લાઈનર્સ, મજાકમાં અને મજાકમાં જે કહે છે તે આકર્ષક છે.

### ચોમાસા માટે હજુ રાહ જોવી પડશે : સોમવારથી સિમિત ભાગોમાં વરસાદની ગતિવિધી

## જાણીતા વેધર એનાલીસ્ટ અશોકભાઈ પટેલની તા.૭ જુન સુધીની આગાહી : સોમવારથી પવનની ઝડપ પણ ઘટશે



(ગરવી તાકાત) અમદાવાદ તા.૩૧

ભારતનાં કેરળથી મહારાષ્ટ્ર સુધીના ભાગોમાં એકાદ-બે સપ્તાહ વહેલા બેસી ગયેલા ચોમાસાની પ્રગતિ અટકી ગઈ છે. ત્યારે સૌરાષ્ટ્ર-કચ્છ-ગુજરાતે ચોમાસા માટે હજુ રાહ જોવી પડે તેમ હોવાથી તા.૭ જુન સુધીની આગાહીમાં જાણીતા વેધર એનાલીસ્ટ અશોકભાઈ પટેલે જણાવ્યું છે.સોમવારથી જોકે સીમીત વિસ્તારમાં વંડર સ્ટોર્મ-વરસાદી-ગતિવિધી વધવાની પણ શકયતા દર્શાવી છે.

તેઓએ આજે વાતચીતમાં કહ્યું હતું કે ઉતર બંગાળની ખાડીમાં સર્જાયેલુ ડીપ ડીપ્રેશન છેલ્લા બે દિવસ દરમ્યાન પશ્ચિમ બંગાળ તથા બાંગ્લાદેશમાં પસાર થયા બાદ નબળુ પડી ગયુ છે.આજે લો-પ્રેસર સ્વરૂપે ઉતરપૂર્વિય આસામની આસપાસનાં ભાગોમા હતું તેને આનુસાંગીક અપર એર સાયકલોનીક સરકયુલેશન ૩.૧ મીમી વિસ્તરેલુ છે.

આ સિવાય વેસ્ટર્ન ડીસ્ટર્બન્સ ઉતરીય પાકિસ્તાન આસપાસ ૩.૧ કીમીની ઉંચાઈએ છે. ઉપલા લેવલે ૫.૮ કીમીના સ્તરે ટ્રફ છે જે ૭૪ ડીગ્રી પૂર્વ તથા ૨૫ ડીગ્રી ઉતરની ઉતરે ચાલે છે. અન્ય બે અપર એર સાયકલોનીક સરકયુલેશન પૈકી એક મધ્ય પાકિસ્તાનમાં ૧.૫ કીમી તથા એક પશ્ચિમ રાજસ્થાન પર ૧.૫ થી ૩.૧ કીમીની ઉંચાઈએ છે.

તાપમાનને લાગે વળગે છે ત્યાં સુધી અમદાવાદમાં ૩૯ કીમી, ડીસામાં ૪૭.૭ ડીગ્રી, ગાંધીનગરમાં ૩૮.૭ ડીગ્રી, અમરેલીમાં ૩૯.૩ ડીગ્રી હતું તે નોર્મલ કરતાં બે થી ત્રણ ડીગ્રી નીચુ હતું. રાજકોટમાં ૪૨.૧ ડીગ્રી ગયુ તે નોર્મલ કરતાં એક ડીગ્રી વધુ હતું. વાદળોની વધઘટને કારણે તાપમાનમાં વેરીએશન રહેતુ હોય છે.

તા.૭ જુન સુધીની આગામીમાં તેમણે કહ્યું કે પવન મુખ્યત્વે દક્ષિણ પશ્ચિમ અને પશ્ચિમનો છે. હાલ ૨૫ થી ૩૫ કીમીની ઝડપે પવન ફુંકાય છે. ઝાટકાના પવનની ગતિ ૪૦ થી ૪૫ કીમી છે. કંડલા તથા ધારીમાં ૫૦ કીમીની ઝડપે ફુંકાયો હતો. હવે સોમવારથી પવનની ગતિ ઘટશે ઝડપ ૧૦થી ૨૦ કીમી તથા ઝાટકાનાં પવન ૨૫ થી ૩૫ કીમીના રહેવાની શકયતા છે.

આગાહી દરમ્યાન આકાશ અંશતઃ વાદળછાયુ રહેશે.કયારેક ઘટ વાદળો જોવા મળી શકે છે. તાપમાન નોર્મલથી ઉપર-નીચે રહી શકે તે વાદળો તથા વરસાદી વાતાવરણની અસર આધારીત રહેશે.

તેઓએ કહ્યું કે, સૌરાષ્ટ્ર-કચ્છ ગુજરાતમાં ચોમાસાની એન્ટ્રીમાં હજુ રાહ જોવી પડશે. આગાહીનાં સમય દરમ્યાન પ્રવેશના સંજોગો નથી છતાં સોમવારથી સીમીત વિસ્તારોમાં થંડર-વરસાદી-ગતિવિધીની સંભાવના છે.

### અસાધારણ સંજોગો હોય તો જ પિતા કે અન્યને કસ્ટડી આપવા અંગે વિચાર થઈ શકે

# પાંચ વર્ષથી નાના સંતાનની કસ્ટડી ફકત માતાને જ આપી શકાય : ગુજરાત હાઈકોર્ટ

અમદાવાદ,તા.૩૧

ગુજરાત હાઈકોર્ટે એક મહત્વના ચૂકાદામાં જણાવ્યું હતું કે અસામાન્ય સંજોગો સિવાય પાંચ વર્ષથી નાના બાળકની કસ્ટડી માતા સિવાય કોઈને મળી શકે નહી. લગ્નજીવનની ટકરારના કારણે છેલ્લા એક મહિનાથી લાપતા બનેલી પત્ની અને પુત્રીનો કબ્જો મેળવવા એક વ્યક્તિએ ગુજરાત હાઈકોર્ટમાં હેબીયર્સ કોર્પસ સુનાવણી સમયે હાઈકોર્ટના આદેશ મુજબ પોલીસે



આજે માતા અને પુત્રીને હાજર કર્યા હતા.

જે સંદર્ભની સુનાવણીમાં હાઈકોર્ટના ન્યાયમૂર્તિ વિમલ કે.વ્યાસે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે પુત્રીની ઉંમર પાંચ વર્ષથી ઓછી છે અને જયાં સુધી કોઈ અસાધારણ કે વ્યાજબી કારણ ન હોય તો માતા પાસેથી આ ઉંમરની પુત્રીની કસ્ટડી લઈ શકાય નહી અને તેથી જ પુત્રીની કસ્ટડી માતાને સુપ્રત કરી હતી.

હાઈકોર્ટે જણાવ્યું કે બાળકીની ઉંમર ત્રણ વર્ષની છે અને અદાલત આ સ્થિતિમાં તેને માતાથી અલગ કરી શકે નહી. આ યુગલના ૨૦૦૮માં લગ્ન થયા બાદ બે પુત્રો અને એક પુત્રી સંતાનમાં છે પણ લગ્નજીવનમાં ટકરાર સર્જાતા ત્રણ વર્ષની પુત્રી સાથે માતા અલગ થઈ ગઈ હતી અને તેની ભાળ મળી ન હતી.

તે સંદર્ભમાં પતિએ કરેલી હેબીયર્સ કોર્પસની અરજી પરથી આજે પોલીસે બંનેને રજુ કર્યા હતા. પત્નીએ ફરી એક વખત પતિ સાથે જવાની અનિચ્છા વ્યક્ત કરી હતી અને કહ્યું હતું કે તેમનો વિવાદ અદાલતમાં ચાલુ છે અને તેથી તે હાલ પતિ સાથે જવા માંગતી નથી.

## ગુજરાતમાં ૪૪ ટકા એમએસએમઇ લોન ખાનગી બેંકો દ્વારા અપાઇ




(ગરવી તાકાત) અમદાવાદ તા.૩૧

ભારતના સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ (એમએસએમઈ) ક્ષેત્ર માટે વાણિજિયક ઋણ પોર્ટફોલિયોમાં વાર્ષિક ધોરણે ૧૩ ટકાની વૃદ્ધિ થઇ છે તેમજ ૩૧ માર્ચ, ૨૦૨૫ સુધીમાં કુલ ક્રેડિટ એક્સપોઝર વધીને રૂ૩૫.૨ લાખ કરોડ થયું છે.

ટ્રાન્સયુનિયન સિબિલ અને સિડબીના મે ૨૦૨૫ના એમએસએમઈ પલ્સ રિપોર્ટ મૂજબ આ ટ્રેન્ડ મુખ્યત્વે વર્તમાન ધિરાણકર્તાઓ દ્વારા ધિરાણ સપ્લાયમાં વધારાથી પ્રેરિત છે. એમએસએમઈ ક્ષેત્રમાં રૂ૫૦ કરોડ સુધીના ક્રેડિટ એક્સપોઝર ધરાવતા ધિરાણકર્તાનો સમાવેશ થાય છે.

ગુજરાત ઔદ્યોગિક ઋણ માગ માટે એક મહત્વપૂર્ણ પ્રદેશ તરીકે ઉભરી આવ્યું છે, જેમાં ખાનગી ક્ષેત્રની બેંકો ધિરાણ લેન્ડસ્કેપમાં અગ્રેસર છે. સમગ્ર રાજ્યમાં કુલ ધિરાણ ઉત્પત્તિમાં ખાનગી બેંકોની હિસ્સેદારી ૪૪ ટકા છે, જે ગુજરાતના વિકાસશીલ અર્થતંત્રને ધિરાણ આપવામાં તેમની મુખ્ય ભૂમિકા દર્શાવે છે.

મેન્યુફેક્ચરિંગ સેક્ટરક્રેડિટ માગનું એન્જિન રહ્યું છે,જે ૪૭ ટકા હિસ્સેદારી ધરાવે છે. તે અમદાવાદ, ભાવનગર, રાજકોટ,સુરત અને વડોદરા જેવા સમૃદ્ધ ઔદ્યોગિક કેન્દ્રો દ્વારા સંચાલિત છે.

### મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની મુંબઈ સ્થિત સ્વીડનના કોન્સ્યુલ જનરલ અને ડેલીગેશન સાથે સફળ બેઠક મળી

## ગુજરાતમાં ૬૦ જેટલી સ્વીડિશ કંપનીએ ૧૧ હજાર લોકોને રોજગાર અવસર આપ્યો




(ગરવી તાકાત) અમદાવાદ તા.૩૧

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે મુંબઈ સ્થિત સ્વીડનના કોન્સ્યુલ જનરલ શ્રીયુત સ્વેન ઓસ્ટબર્ગે અને ૧૧ જેટલી સ્વીડિશ કંપનીઝ-ઉદ્યોગ સંચાલકોએ ફળદાયી બેઠક ગાંધીનગરમાં યોજી હતી.

ગુજરાત સરકાર અને સ્વીડન વચ્ચે વિવિધ ક્ષેત્રે રોકાણો અને સહભાગીતાને પ્રોત્સાહિત કરવા ઈન્વેસ્ટર્સ ફેસીલીટેશન મિકેનિઝમ વધુ સંગીન બનાવવાના હેતુથી આ બેઠક યોજવામાં આવી હતી.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની વિઝનરી લીડરશીપનો વ્યાપક લાભ મળે છે તેની વિગતો બેઠકની ચર્ચા દરમિયાન આપી હતી.

તેમણે કહ્યું કે, ગુજરાત પ્રો-એક્ટીવ ગવર્નન્સ અને પોલીસી ડ્રીવન સ્ટેટ તરીકે વડાપ્રધાનશ્રીના માર્ગદર્શનમાં દેશ અને દુનિયાના રોકાણકારોની પહેલી પસંદ બન્યું છે. તેમણે સ્પષ્ટપણે જણાવ્યું કે, ગુજરાતમાં એવું પ્રોત્સાહક અને શાંતિપૂર્વક વાતાવરણ તથા સુદ્રઢ ઈન્ફ્રાસ્ટ્રક્ચર છે કે, એકવાર ગુજરાતમાં ઉદ્યોગ-રોકાણ માટે આવનારા લોકો ગુજરાત સિવાય અન્ય ક્યાંય રોકાણો માટે જતા નથી.

સ્વીડનના કોન્સ્યુલ જનરલ સ્વેન ઓસ્ટબર્ગે કહ્યું કે, ગુજરાતમાં કુલ મળીને વિવિધ ક્ષેત્રે ૬૦ જેટલા સ્વીડિશ ઉદ્યોગ અને કંપનીઝ કાર્યરત છે તથા અંદાજે ૧૧ હજાર લોકોને રોજગારી અવસર પુરા પાડે છે.

મુખ્યમંત્રીના અધિક મુખ્ય સચિવ મનોજકુમાર દાસ, ઉદ્યોગના અગ્ર સચિવ મમતા વર્મા, ઉદ્યોગ કમિશનર પી. સ્વરૂપ, મુખ્યમંત્રીના સચિવ ડો. વિક્રાંત પાંડે તેમજ વરિષ્ઠ અધિકારીઓ આ બેઠકમાં જોડાયા હતા.

## ગુજરાતની હોસ્પિટલોમાં કોરોનાની મોકડ્રીલ થશે



(ગરવી તાકાત) મહેસાણા તા.૩૧

દેશના કેટલાંક રાજયોની જેમ ગુજરાતમા પણ કોરોનાના કેસ વધી રહ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં નવા ૬૮ કેસ કુલ સંખ્યા ૨૬૫ ની થઈ હતી. સંક્રમણ ગંભીર કે ખતરનાક હોવાના દાવા સાથે સરકારે લોકોને ડરવાને બદલે માત્ર સાવચેતી રાખવા સુચવ્યુ છે.જયારે ગુજરાતમાં આરોગ્ય વિભાગે કોરોના અંગે હોસ્પીટલમાં મોકડ્રીલ યોજવાનો નિર્ણય લીધો છે. હોસ્પીટલોમાં કોરોના વોર્ડ તૈયાર કરાયા જ છે.ત્યારે આઈસોલેશન વોર્ડમાં તથા ઓકસીજન પ્લાંટમાં મોકડ્રીલ કરાશે.રાજયના આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે આરોગ્ય અધિકારીઓ સાથે તાકીદની બેઠક યોજીને સ્થિતિની સમીક્ષા પણ કરી હતી.

# મારૂં માનો તો બે કામ જિંદગીમાં ક્યારેય ના કરતા, ખોટા માણસને પ્રેમ અને સાચા માણસ સાથે ગેમ.



યશપાલસિંહ ટી.વાઘેલા
દરબાર ગઢ થરા




ધર્મ એ જીવન જીવવાની ઉમદા કળા છે તે ન તો હિન્દુ,મુસલમાન કે શીખ ઈસાઈ પારસી બૌદ્ધ કે જૈન નથી.આ બધા સંપ્રદાયો છે.આજે આપણે નામનો મોહ અને સારા જ્ઞાની પુરુષની પાસે જવાથી કેવી રીતે છૂટે તે જોઇએ. આ અમે ભણતા ત્યારે અભ્યાસમાં પાઠ રૂપે આવતું ★નામનો મોહ છૂટ્યો★ એક ગામમાં કોઈ વ્યક્તિના મા-બાપે તેના છોકરાનું નામ પાપક રાખી દીધું. મોટા થતાં તો આ નામ છોકરાને ખૂબ ખરાબ લાગવા માંડ્યું. તેણે પોતાના આચાર્યને પ્રાર્થના કરી કે સાહેબ, મારું નામ બદલી આપો.આ નામ બહુ જ અપ્રિયછે કેમકે એ અશુભ, અમંગળ અને અપશુક નિયાળ છે. આચાર્યએ તેને સમજાવ્યું કે નામ તો કેવળ પ્રજ્ઞપ્તિ માટે, એટલે કે ઓળખ માટે,વ્યવહાર જગતમાં હાક મારવા ખાતર જ હોય છે. નામ બદલવાથી કોઈ અર્થ સરતો નથી. કોઈ પાપક નામ રાખીને પણ સત્કર્મોથી ધાર્મિક બની શકે છે અને ધાર્મિક નામ રહે તો પણ દુષ્કર્મોથી પાપી બની શકે છે. મુખ્ય વાત તો કર્મની છે. નામ બદલવાથી શું થશે?

પરંતુ તે ન માન્યો? આગ્રહ કરતો જ રહ્યો. આખરે આચાર્યએ કહ્યું "અર્થસિદ્ધિ તો કર્મ સુધારવાથી જ થશે,પરંતુ જો તું નામ પણ સુધારવા ઈચ્છે છે તો જા, ગામ- નગરના લોકોને જોઈ લે અને જેનું નામ તને શુભ લાગે તે મને બતાવ.તારુંનામ તે પ્રમાણે બદલી નાખવામાં આવશે.પાપક સુંદર નામવાળાઓની શોધમાં નીકળી પડયો.ઘરથી બહાર નીકળતાં જ તેને શબયાત્રાના દર્શન થયાં. પૂછ્યું કોણ મરી ગયું?લોકોએ કહ્યું જીવક પાપકે વિચાર્યું નામ જીવક,પણ મૃત્યુનો શિકાર થઈ ગયો? આગળ વધતાં તેણે જોયું કે કોઈ દીનહીન દુઃખીયારી સ્ત્રીને મારપીટ કરી ઘરમાંથી કાઢી મૂકવા માં આવી રહી છે.નામ પૂછ્યું તો જાણવા મળ્યું ધનપાલ.પાપક વિચારમાં પડયો,નામ ધનપાલ અને પૈસા પૈસા માટે પરાવલંબી. ત્યાંથી આગળ વધતાં એક રસ્તો ભૂલેલા વ્યક્તિને લોકોને રસ્તો પૂછતાં જોયો.નામ પૂછતાં કહેવા માં આવ્યું પંથક પાપક ફરીથી વિચારમાં પડી ગયો.અરે!પંથક પણ પંથ પૂછે છે,પંથ ભૂલે છે!

પાપક પાછો ફર્યો.હવે નામ પ્રત્યે તેનું આકર્ષણ કે અનાકર્ષણ દૂર થઈ ચૂકયું હતું. વાત સમજમાં આવી ગઈ. શું રાખ્યું છે નામમાં? જીવક પણ મરે છે અને અજીવક પણ. ધનપાલ પણ દરિદ્ર હોય છે અધનપાલ પણ.પંથક પણ પંથ ભૂલે છે અને અપથંક પણ સાચે જ નામનો મોહ નિરર્થક નકામો છે જન્મથી અંધ અને નામ નયન સુખ જન્મથી દુઃખી અને નામ સદા સુખ ભલે રહ્યું નામ,મારું શું બગડે છે? હું મારાં કર્મ સુધારીશ. કર્મ જ પ્રમુખ છે,કર્મ જે પ્રધાન છે જે વાત વ્યક્તિના નામ પર લાગુ થાય છે,તે જ સંપ્રદાયના નામ પર પણ.ન બૌદ્ધ સંપ્રદાયના સહુલોકો બોધિ સંપન્ન હોય છે અને ન જૈન સંપ્રદાયના સહુ આત્મજીત.ન બ્રાહ્મણ સંપ્રદાયના સહુ બ્રહ્મ વિહારી હોય છે અને ન ઈસ્લામ ના સહુ સમર્પિત અને શાંત જેમ દરેક વ્યક્તિમાં ભલાઈ બુરાઈ બંને હોય છે, તેમ દરેક સંપ્રદાયમાં સારાં નરસાં લોકો હોય છે. કોઈ પણ સંપ્રદાયના ન તો બધાં લોકો સારાં હોઈ શકે છે,ન બધાં નરસાં. પરંતુ સાંપ્રદાયિક આસક્તિને કારણે આપણે આપણા સંપ્રદાય નાં દરેક વ્યક્તિને સજજન અને પરાયા સંપ્રદાયના દરેક વ્યક્તિને દુર્જન માનવા લાગીએ છીએ. હિન્દુ,બૌદ્ધ,જૈન,ખ્રિસ્તી કે મુસ્લિમ કહેવરાવવા માત્રથી ન કોઈ વ્યક્તિ સજ્જન બની જાય છે, ન દુર્જન.બૌદ્ધ કહેવરાવનાર વ્યક્તિ પરમ પુણ્યવાન પણ હોઈ શકે છે અને નિતાંત પાપી પણ. આ વાત સર્વ સંપ્રદાયો પર સમાન રૂપે લાગુ પડે છે. જેવી રીતે વ્યક્તિની ઓળખાણ માટે તેને કોઈ નામ દેવામાં આવે છે, તેવી જ રીતે કોઈ સમુદાયની ઓળખાણ માટે પણ.આ નામો સાથે ગુણોનો કોઈ સંબંધ નથી. તેલથી ભરેલા પીપ પર શુદ્ધ ઘીનું લેબલ લગાવ્યા પછી પણ તેલ, તેલ જ રહે છે,શુદ્ધ ઘી નથી બની જતું.કોઈ સુંદર વ્યક્તિનું નામ કુરૂપ રાખી દઈએ તો તે કુરૂપ અને કોઈ કુરૂપને સુંદર કહેવા લાગીએ તો તે સુંદર નથી બની જતી.ફૂલને કાંટો અથવા કાંટાને ફૂલ કહેવા લાગીએ તો પણ ફૂલ-ફૂલ જ રહે છે, કાંટો-કાંટો જ.કોઈ વ્યક્તિ હોય તો રંક,પણ નામહોય રાજન આવી વ્યક્તિ જયાં સુધીએ તથ્ય ને સમજે છે કે આ રાજન નામ કેવળ સંબોધન માટે છે, વાસ્તવમાં હું રંક છું, ત્યાં સુધી તે હોશમાં છે. પરંતુ જે દિવસે તે આ નામનો દંભ માથે ચઢાવીને રંક હોવા છતાં પણ,પોતાને રાવરાજા અને અન્ય સહુને પોતાનાથી ઉતરતી કક્ષાના માનવા લાગે તો તે પ્રમત્ત વ્યક્તિ,લોકોના ઉપહાસ નું પાત્રબની જાય છે.પરંતુ જયાં રાજન નામના હજારો લાખો રંક હોય અને એ બધા સંગઠિત થઈને પોતપોતાને રાવરાજા માનવાલાગે તથા અન્ય સર્વ લોકોને ઉતરતી કક્ષાના માનવા લાગે તો પાગલોનું આવો સમૂહ કેવળ ઉપહાસાસ્પદ જ નહીં,બલ્કે સમગ્ર સમાજ માટે ખતરાનું કારણ બની જાય છે. બરાબર આવી જ દશા આપણી થઈ જાય છે,જ્યારે આપણે જાતીયતા, સાંપ્રદાયિકતા કે રાષ્ટ્રીયતાનો નશો ચઢાવી પ્રમત્ત થઈ ઊઠીએ છીએ અને પોતાને અન્યોથી શ્રેષ્ઠ માની તેઓને ધૂણા ની દ્રષ્ટિથી જોવા લાગીએ છીએ. આવી અવસ્થામાં આપણે પણ સમાજ માટે ખતરા નું તેમજ તેની અશાંતિ નું કારણ બની જઈએ છીએ. સુખશાંતિ ખોઈને સાચા ધર્મથી દૂર થતાં જઈએ છીએ. ધર્મને જાતિ,વર્ણ,વર્ગ,સમુદાય, સંપ્રદાય,દેશ,રાષ્ટ્રની સીમાઓમાં ન બાંધી શકાય. માનવ સમાજના કોઈપણ વર્ગમાં ધર્મવાન વ્યક્તિ હોઈ શકે છે.ધર્મ પર કોઈ એક વર્ગ વિશેષનો એકાધિકાર નથી હોતો. ધર્મ આપણને નેક માણસ બનતાં શિખવે છે. નેક માણસ નેક માણસ છે. તે પોતાના સંપ્રદાયની જ નહીં,પરંતુ સમગ્રમાનવસમાજ ની શોભા છે.જે નેક માણસ જ નથી તે નેક હિંદુ કે મુસલમાન,નેક બૌદ્ધ કે જૈન,નેક ભારતીય કે બર્મી નેક બ્રાહ્મણ કે ક્ષત્રિય કેવી રીતે હોઈ શકે? અને જે માણસ નેક થઈ ગયો તે સાચા અર્થમાં ધર્મ વાન થઈ ગયો.તેને કોઈપણ નામ થી બોલાવવામાં આવે તો શું ફરક પડે છે? ગુલાબ ગુલાબ જ રહેશે, નામ બદલી નાખવાથી તેની સુગંધમાં કોઈ ફેર પડશે નહીં.જે બાગમાં ખીલશે તેને અને ન કેવળ તેને બલ્કે આસપાસના સારાયે બાગ મંડળને પોતાની સૌરભથી સુરભિત કરશે. તેથી મુખ્યવાત છે ધર્મવાન બનવાની નેક માનવ બનવાની. નામ ભલે ગમે તે રહે,બાગ ભલે કોઈ પણ સમુદાયનો હોય, તેના પર ભલે ગમે તે નામનું બોર્ડ લાગેલું હોય. ફૂલ ખીલવા જોઈએ.સૌરભ પ્રસરવી જોઈએ.

સાંપ્રદાયિકતા અને જાતીયતાના રંગીન ચશ્મા ઉતારીને જોઈએ તો જ ધર્મનું શુધ્ધરૂપ સમજમાં આવે છે.અન્યથા પોતાની સંપ્રદાયનું રંગરોગાન,નામ-લેબલ જ પ્રમુખ તા લઈ લે છે.

વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત, ઑપરેશન સિંદૂર મોકડ્રિલ ઑપરેશન શિલ્ડ અત્યારે ધૂમ મચાવે છે નામની ઘેલશા કરતા મોઘવારી શિક્ષિત યુવાધન બેરોજગાર બની વ્યસન ગુનાહિત પ્રવૃત્તિની ખાઈમાં ખાબકી રહ્યા છે ભ્રષ્ટાચારના નવા પુલ ગમે ત્યારે ધરાશાયી થાય છે તે બાબતે કંઈક નક્કર કામ થાય તેવા લોકોના સૂર વેદનાસભર આક્રોશમાં સાંભળવા મળે છે જે વિશે સરકાર જાગૃત બને.. તેવી આશા સહ અસ્તુ.

### આદર્શ આચાર સંહિતાના અમલીકરણ અંતર્ગત અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા ખાનગી મુદ્રણાલયો, મુદ્રકો અને પ્રકાશકો માટે વિવિધ આદેશ જાહેર કરાયા

# સાહિત્ય, ભીંતપત્ર, ચોપાનીયા કે અન્ય સામગ્રી પર મુદ્રક અને પ્રકાશનના નામ અને પુરા સરનામા સ્પષ્ટપણે છાપવાના રહેશે

## સૂચનાનું ઉલ્લંઘન થયે મુદ્રણાલયનું લાયસન્સ-રજિસ્ટ્રેશન રદ કરવા સહિતનાં કડક પગલા લેવામાં આવશે

(ગરવી તાકાત) મહેસાણા તા.૩૧

ભારતના ચૂંટણી આયોગ દ્વારા ૨૪-કડી(અ.જા) વિધાનસભા પેટા ચૂંટણી- ૨૦૨૫ માટે ચૂંટણીની જાહેરાત તા.૨૫/૦૫/૨૦૨૫ ના રોજ કરવામાં આવી છે. ત્યારે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી દ્વારા મુદ્રણાલયો, મુદ્રકો અને પ્રકાશકો હેતુ સૂચનાઓ જાહેર કરવામાં આવી છે. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી દ્વારા આ સંદર્ભમાં એક જાહેરનામુ પ્રસિદ્ધ કરી લોક પ્રતિનિધિત્વ ધારાની કલમ-૧૨૭(ક)ની જોગવાઈ અનુસાર ચૂંટણી અંગેના સાહિત્ય, ભીંતપત્ર, ચોપાનીયા કે અન્ય સામગ્રી પર મુદ્રક પંક્તિમાં મુદ્રક અને પ્રકાશનના નામ અને પુરા સરનામાં સ્પષ્ટપણે અવશ્ય છાપવા હુકમ કર્યો છે.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી જશવંત કે. જેગોડાએ મહેસાણા જિલ્લાના ૨૪-કડી વિધાનસભા મતદારના સમગ્ર વિસ્તારમાં આવેલ મુદ્રણાલયોના મુદ્રકોને ઉકત આદેશની જોગવાઈઓ મુજબની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવા ફરમાવેલ છે.

આ જાહેરનામા અનુસાર કલમ-૧૨૭(ક)(૧)ની જોગવાઈ મુજબ, ચૂંટણીને લગતા ચોપાનીયા, ભીંતપત્રો કે અન્ય સામગ્રીનું છાપકામ કરવામાં આવે ત્યારે મુદક પંકિતમાં મુદ્રક અને પ્રકાશકના નામ અને સરનામા સ્પષ્ટપણે અવશ્ય દર્શાવવા તેમજ આવા ભીંતપત્ર, ચોપાનીયા કે અન્ય છાપકામ કરેલ સાહિત્યની છાપેલી પ્રતોની સંખ્યા પણ અચુક દર્શાવવાની રહેશે. ચૂંટણી સંબંધી કોઈપણ ચોપાનીયાં, અથવા ભીતપત્રો કે અન્ય સામગ્રીનું મુદ્દણ હાથ ધરતા પહેલાં ઉક્ત કલમ-૧૨૭(ક)(૨) ની જોગવાઈઓ મુજબ મુદકે નિર્વાચન આયોગ ધ્વારા નક્કી થયેલ જોડાણ-× ક ' મુજબના ઠરેલ નમુનામાં પ્રકાશક



(ફાઈલ તસ્વીર)

પાસેથી એકરારપત્ર બે નકલમાં મેળવવાના રહેશે. અને આ એકરારપત્ર ઉપર પ્રકાશકની તેમજ પ્રકાશકને અંગત રીતે ઓળખતી હોય તેવી બે વ્યકિતની શાખ તરીકે સહીઓ કરવાની રહેશે. મુદ્રકે પણ તે અધિકૃત કર્યા બદલ તેમાં સહી કરવાની રહેશે.

આ ઉપરાંત મુદ્રકે છાપેલા ચુંટણીને લગતા 'ચોપાનીયા અથવા ભીંતપત્રા' બાબતમાં નીચેની વિગતો તેના મુદ્દણના ત્રણ દિવસની અંદર સંયુક્ત રીતે નહીં પરંતુ અલગ અલગ રીતે કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ કચેરી, મહેસાણાની ફોજદારી શાખાને મોકલી આપવાની રહેશે.

(અ) જોડાણ-'ક' મુજબ પ્રકાશક પાસેથી મળેલ અને અધિકૃત કરાયેલ એકરારપત્રની એક નકલ.

(બ) મુદિત સામગ્રીની ત્રણ નકલો

(ક) જોડાણ 'ખ' માં મુદ્રકે છાપેલ મુદ્રણને લગતી માહિતી ભરીને મુદ્રક તે સહી કરીને અધિકૃત કરી આપવી.

વધુમાં એ બાબતનો ઉલ્લેખ કરવામાં આવે છે કે, ચૂંટણીને લગતું 'ચોપાનીયુ અથવા ભીંતપત્ર' એટલે ઉમેદવાર કે ઉમેદવારના જુથની ચૂંટણીની તકો વધારવા કે તેને પ્રતિકૂળ અસર પહોંચાડવા માટે વહેંચવામાં આવેલ કાંઈ છાપેલુ ચોપાનીયુ કે હેન્ડબીલ અથવા બીજુ, ત્રીજુ લખાણ અથવા ચૂંટણીને લગતુ ભીતપત્ર એવો અર્થ થાય છે. કલમ-૧૨૭(ક)ની જોગવાઈ આયોગની ઉકત સુચનાઓના કોઈપણ ઉલ્લંઘનને ખૂબ ગંભીરતાથી જોવામાં આવશે અને યોગ્ય કેસોમાં રાજયના પ્રવર્તમાન કાયદા અન્વયે મુદ્રણાલયનું લાયસન્સ/રજીસ્ટ્રેશન પણ રદ કરવા જેવા કડક પગલાં લેવામાં આવશે. વધુમાં આ અંગેનો ભંગ થયેથી કલમ-૧૨૭(ક)(૪) ની જોગવાઈ મુજબ છ માસ સુધીની કેદની અથવા રૂા.૨૦૦૦/- સુધીના દંડની અથવા બંને શિક્ષાઓને પાત્ર ગુનો બનતો હોઈ આ જોગવાઈ મુજબ મુદ્દણાલયની સામે યોગ્ય જણાયે કાનુની પગલાં ભરવાની કાર્યવાહી કરવાને પાત્ર થશે.

ઉપરના કૃત્યોની બંધીના ફરમાનનો અમલ કરવા સબંધિત પોલીસ સ્ટેશનનો હવાલો ધરાવતાં અધિકારીને અધિકૃત કરવામા આવ્યા છે.આ જાહેરનામું તા. ૨૫/૦૬/૨૦૨૫ સુધીના સમય માટે અમલમાં રહેશે.

### યાત્રાધામ અંબાજી શક્તિપીઠમાં સફાઈ અભિયાનની અનોખી પહેલ

# વેપારીઓને રક્ષાકવચ અને ગુલાબ આપી પ્લાસ્ટિક મુક્ત અભિયાનની શરૂઆત

(ગરવી તાકાત) અંબાજી તા.૩૧

અંબાજી શક્તિપીઠમાં સ્વચ્છતા અને જનજાગૃતિ અભિયાનની શરૂઆત કરવામાં આવી છે. આ અભિયાન ૫૧ શક્તિપીઠ સર્કલથી શરૂ કરવામાં આવ્યું છે. અંબાજી વિસ્તાર વિકાસ અને પ્રવાસન નિયમન સત્તામંડળ તેમજ અંબાજી ગ્રામ પંચાયતના સંયુક્ત ઉપક્રમે 'પ્લાસ્ટિક મુક્ત સ્વચ્છ અંબાજી અભિયાન'નો પ્રારંભ થયો છે.

આ અભિયાનમાં અંબાજી મંદિરના વહીવટદાર, ઓથોરિટી અધિકારી, મંદિર સ્ટાફ અને ગ્રામ પંચાયત સ્ટાફ જોડાયા છે. વેસ્ટર્ન એજન્સીના સફાઈ કામદારો અને સુપરવાઈઝરો પણ આ અભિયાનમાં સામેલ થયા છે.

સમગ્ર ટીમે દરેક દુકાને જઈને



સ્વચ્છતા અંગે માહિતી આપી છે. વેપારીઓને કચરો માત્ર કચરાપેટીમાં જ નાખવાનું સૂચન કરવામાં આવ્યું છે. દુકાનદારોને સ્પષ્ટ સૂચના આપવામાં આવી છે કે, આવતીકાલથી દુકાનની આગળ કચરો નાખી શકાશે નહીં.

અભિયાનને વધુ અસરકારક બનાવવા માટે અનોખી પહેલ કરવામાં આવી છે.

બ્રાહ્મણો દ્વારા તમામ દુકાનદારોને તિલક લગાવીને રક્ષાકવચ બાંધવામાં આવ્યું છે. મંદિરના વહીવટદારે વેપારીઓને ગુલાબ આપીને સ્વચ્છતા અભિયાનમાં સહયોગ આપવા અપીલ કરી છે.

### ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫

# નિવાસી અધિક કલેક્ટર જશવંત કે. જેગોડાના અધ્યક્ષસ્થાને કલેક્ટર કચેરી ખાતે નોડલ અધિકારીઓ સાથે બેઠક યોજાઇ

(ગરવી તાકાત) મહેસાણા તા.૩૧

રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫નો ચૂંટણીનો કાર્યક્રમ જાહેર થયેલ છે. જે અંતર્ગત આજરોજ નિવાસી અધિક કલેકટરશ્રી જશવંત કે. જેગોડાના અધ્યક્ષસ્થાને કલેક્ટર કચેરી ખાતે નોડલ અધિકારીશ્રીઓ સાથે બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં નિવાસી અધિક કલેકટરશ્રી જશવંત કે. જેગોડાએ ગ્રામ પંચાયતોની ચૂંટણી મુક્ત, ન્યાયી અને શાંતિપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થાય તે પ્રકારની કામગીરી કરવા નોડલ અધિકારીઓને જરૂરી સૂચના માર્ગદર્શન આપ્યા હતા.



આ બેઠકમાં નિવાસી અધિક કલેકટરશ્રીએ આચારસંહિતાનું અમલીકરણ, કાયદો અને વ્યવસ્થા, મતદાર જાગૃતિ કાર્યક્રમ, હિસાબી બાબત, કોમ્યુનિકેશન પ્લાન, સ્ટાફ ડેટાબેઝ એન્ડ ટ્રેનિંગ મેનેજમેન્ટ, વાહનોની જરૂરિયાત, પોસ્ટલ બેલેટ, બેલેટ પેપર, મતદાન મથકોને લગતી કામગીરી, તમામ મતદાન મથકો ઉપર ફર્સ્ટ એઈડ કીટ તથા આરોગ્ય લક્ષી કામગીરી સહિતની બાબતો અંગે વિસ્તૃત ચર્ચા કરી સંબંધિત નોડલ અધિકારીને જરૂરી સૂચના આપી હતી.

આ બેઠકમાં વિવિધ નોડલ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ૬ શખ્સો સામે પોલીસ ફરિયાદ, ૧.૧૫ લાખની લૂંટ અને કાર પડાવી લીધી

# ઈડર તા.ના રતનપુર ગામના નિવૃત્ત શિક્ષક સાથે ડેટિંગ એપ મારફતે મહાઠગાઈ કરાઈ

(ગરવી તાકાત) ઈડર તા.૩૧

સાબરકાંઠા જિલ્લાના ઈડરના રતનપુર ગામના નિવૃત્ત શિક્ષક પ્રવિણભાઈ માન્તીભાઈ પટેલ સાથે ડેટિંગ એપના બહાને ઠગાઈ કરાઈ હોવાનો ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે. યુવતી સાથે ડેટિંગ એપ મારફતે થયેલ પરિચયના આધારે શિક્ષકને વિશ્વાસમાં લઈ અમદાવાદ બોલાવવામાં આવ્યા હતા. જ્યાં તલબેલા આરોપીઓએ શિક્ષક પાસે રૂ. ૧.૧૫ લાખની રકમ તથા બ્રીઝા કાર લૂંટી લીધી હતી.

આ સમગ્ર ગુનાની પાછળ છ સભ્યોની ગેંગ સંડોવાઈ હોવાનો ખુલાસો બહાર આવ્યો છે. ઈડર પોલીસ દ્વારા તમામ આરોપીઓ સામે IPC-૨૦૨૩ની કલમ ૩૦૮(૫), ૬૧(૨), ૩૫૧(૩), ૨૦૪ અને ૫૪ હેઠળ ગુનો નોંધાઈ વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.મળતી માહિતી અનુસાર, નિવૃત્ત શિક્ષકનો ડેટિંગ એપ પર મોનિકા ઉર્ફે મનિષા પટેલ સાથે સંપર્ક થયો હતો. ત્યારબાદ આરોપી યુવતીની માતા તરીકે ઓળખાવતી વર્ષાબેન પટેલ તથા અન્ય સહ આરોપી અવનીબેન દવે અને અન્ય સહયોગીઓએ શિક્ષકને લાલચ આપી અમદાવાદ બોલાવ્યા હતા.



જ્યાં ફ્લેટમાં મળી ટોળકીના એક સભ્ય કિસ્મત રબારીએ પોતાને PI તરીકે ખોટી ઓળખ આપી શિક્ષકને ડરાવ્યા હતા. અન્ય આરોપીઓ સંજય ધાંધળ, સુનિલ શર્મા અને નિર્મલ હુડીયાએ પતાવટના બહાને રૂ. ૧૫ લાખની માંગણી કરી હતી અને શિક્ષકના એટીએમમાંથી બળજબરીપૂર્વક ?૧,૧૫,૦૦૦ ઉપાડી લેવામાં આવ્યા હતા. વધુ રકમની માંગણી થતાં શિક્ષકે પરિવારજનોને જાણ કરી હતી.


પરિવારજનોએ તાત્કાલિક ઈડર પોલીસનો સંપર્ક કરતાં પોલીસે ઝડપથી કાર્યવાહી હાથ ધરી હતી. વધુ રકમ લેવા ઈડર આવેલા બે શખ્સોમાંથી એકને ઝડપી લઈને પૂછપરછ કરતાં સમગ્ર કાવતરું ખુલ્લું પડી ગયું હતું. ત્યારબાદ અન્ય પાંચ આરોપીઓને પણ ઝડપી લેવામાં આવ્યા હતા.તપાસ અધિકારી PSI આર.જે. જાડેજાની આગેવાનીમાં આ સમગ્ર ગુનાની તપાસ ચલાવાઈ રહી છે. ઈડર પોલીસે સમયસરની કાર્યવાહી કરીને મોટી રકમ સાથે નિવૃત્ત શિક્ષક ને વધુ ફસાતા અટકાવ્યો હતો. આ બનાવ દર્શાવે છે કે લોકોને ડિજિટલ સંપર્કો પર વધારે સાવચેત રહેવાની જરૂર છે અને પોલીસ પણ ચેતવણી આપી રહી છે કે આવા સંપર્ક થી દુર રહેવાનો પ્રયત્ન કરો.

### બનાસકાંઠા જિલ્લામાં રેશનકાર્ડ e-KYC અભિયાન

# ગ્રામ પંચાયત, પોસ્ટ ઓફિસ કે સ્વ Ration એપથી KYC કરાવી શકાશે, જથ્થો મેળવવા માટે ફરજિયાત

બનાસકાંઠા જિલ્લા પુરવઠા વિભાગે રેશનકાર્ડધારકોને e-KYC કરાવવા માટે અપીલ કરી છે. રેશનકાર્ડમાં નોંધાયેલા તમામ નાગરિકોએ e-KYC કરાવવું ફરજિયાત છે. નાગરિકો વિવિધ સ્થળોએથી e-KYC કરાવી શકે છે. આમાં ગ્રામ પંચાયત ખાતે વી.સી.ઈ., સ્થાનિક પોસ્ટ વિભાગના કર્મચારી અને મામલતદાર કચેરીનો સમાવેશ થાય છે. વ્યાજબી ભાવની દુકાન પરથી પણ આ સુવિધા ઉપલબ્ધ છે.

નાગરિકો ઘરે બેઠા My Ration એપ દ્વારા સેલ્ફ e-KYC પણ કરી શકે છે. જે લોકોએ e-KYC કરાવ્યું છે, તેમને જ વ્યાજબી ભાવની દુકાનેથી અનાજનો જથ્થો મળશે.



જિલ્લા પુરવઠા અધિકારી, બનાસકાંઠાએ જણાવ્યું કે જે રેશનકાર્ડધારકોનું e-KYC બાકી છે તેમણે તાત્કાલિક આ પ્રક્રિયા પૂર્ણ કરવી જોઈએ. તમામ નિર્ધારિત સ્થળો પર e-KYCની કામગીરી નિયમિત ચાલુ છે.

# પાલનપુરમાં કોરોનાનો નવો કેસ નોંધાયો, એક દર્દી સાજો થયો

(ગરવી તાકાત) પાલનપુર તા.૩૧

બનાસકાંઠા જિલ્લામાં કોરોના કેસની સ્થિતિમાં નવો વળાંક આવ્યો છે. પાલનપુર અર્બન વિસ્તારમાંથી એક નવો કોરોના પોઝિટિવ કેસ નોંધાયો છે. આ સાથે જિલ્લામાં એક્ટિવ કેસની સંખ્યા ૩ થઈ ગઈ છે.

જિલ્લા એપિડેમિક અધિકારી ભારમલના જણાવ્યા અનુસાર, આરોગ્ય વિભાગે ૪૦ વર્ષીય મહિલાનો



શંકાસ્પદ કોરોના સેમ્પલ લીધો હતો. આ સેમ્પલનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. મહિલાને તરત જ હોમ આઈસોલેશનમાં રાખવામાં આવ્યા છે. અગાઉ જિલ્લામાં ૩ એક્ટિવ કેસ હતા, જેમાંથી એક દર્દીએ કોરોના સામે જીત મેળવી છે. નવા કેસ સાથે જિલ્લામાં ફરી એક્ટિવ કેસની સંખ્યા ૩ થઈ છે. હાલમાં તમામ કોરોના પોઝિટિવ દર્દીઓને હોમ આઈસોલેશનમાં રાખવામાં આવ્યા છે.

## સંક્ષિપ્ત સમાચાર

# હિમતનગર ખાતે આરોગ્ય શાખા દ્વારા તમાકુ નિષેધ દિવસની ઉજવણી કરાઈ



(ગરવી તાકાત) હિંમતનગર તા.૩૧

સાબરકાંઠા જિલ્લામાં મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડૉ. રાજ સુતરીયાનાં માર્ગદર્શન હેઠળ ટોબેકો કંટ્રોલ સેલ સાબરકાંઠા દ્વારા આઈ.ટી.આઈ હિમતનગર ખાતે તમાકુ મુકત દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી.

સમગ્ર જિલ્લામાં ૨૮ મે થી ૩૧ મે સુધી વ્યસનમુકત જીવન અને તમાકુના વપરાશ થી થતા નુકશાન અંગેના વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. ૩૧- મે નો ટોબેકો દિનની ઉજવણીનો હેતુ તમાકુના જોખમ વિશે જાગૃતિ ફેલાવવાનુ છે. તમાકુના સેવનથી સ્વાસ્થ્ય ને ઘણુ નુકશાન થાય છે,.તમાકુ સેવનના કારણે હૃદયરોગ, બ્રેનસ્ટ્રોક, કેન્સર, ડાયાબીટીસ, બી.પી જેવા રોગોનુ જોખમ ખુબ વધી જાય છે.

જિલ્લા અને તાલુકા કક્ષાના સંયુકત કાર્યક્રમ અંતર્ગત તમાકુ અને તેની વિવિધ બનાવટોનાં ઉપયોગથી થતા શારીરિક, માનસિક, આર્થિક તેમજ શારીરિક નુકશાન બાબતે સર્વેને માહિતગાર કરવામાં આવ્યા હતા.તમાકુથી થતા નુકશાન અંગે તમામ તાલુકા અને આયુષ્માન જાણકારી સાથે તમાકુના વપરાશ થી થતા રોગો અંગેની જાગૃતિ કેળવવા ગંભીરતાપૂર્વક કામ કરવાની જરૂરીયાત પર ભાર મુક્યો હતો.શરુ વર્ષ ૩૧ મી મે ની થીમ **Unmasking The Appeal : Exposing Industry Tactics on tobacco and NicOine products** અંગે આરોગ્ય કેંદ્ર ખાતે પ્રદર્શન, રંગોળી, ગ્રુપ ચર્ચા, રેલી, પેમ્ફલેટ વિતરણ વગેરે કાર્યક્રમો ગોઠવવામાં આવ્યા હતા. જિલ્લા ટોબેકો કંટ્રોલ સેલના ડૉ. પ્રવિણ ડામોરએ **COTPA –** ૨૦૦૩ની વિવિધ કલમો અંગે જાણકારી આપી હતી.. વ્યસનમુકત જીવન દ્વારા તંદુરસ્ત સમાજ ની રચના કરવામા સહુની સાથે સમાજની પણ સવિશેષ જવાબદારી અંગે વિવિધ દ્રષ્ટાંતો સહિત જાણકારી આપી હતી.આ કાર્યક્રમમા વિવિધ સ્પર્ધામા વિજેતા થયેલા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમમા તાલુકા હેલ્થ ઓફિસર ડ. રાજેશ પટેલ સહિત અમલીકરણ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ઇડર નગર ઉત્સવ સમિતિ દ્વારા અષાઢીબીજની તૈયારીના ભાગરૂપે સમિતિની એક બેઠક યોજાઇ



(ગરવી તાકાત) ઈડર તા.૩૧

આવનારી અષાઢી બીજ ની રથયાત્રા ની તૈયારી માટે ઈડર નગર ઉત્સવ સમિતિ દ્વારા ૨૯ મે ના રોજ એક બેઠક યોજાઈ હતી.

આ બેઠક માં આયોજિત સાબરકાંઠા જિલ્લાની એકમાત્ર ભવ્યથી અતિ ભવ્ય ૨૭મી રથયાત્રા ભગવાન શ્રી જગન્નાથજી, બહેન સુભદ્રાજી, અને ભાઈ બલરામજી સાથે ઈડર નગરમાં ભક્તોને દર્શન આપવા માટે ૨૭ મી રથયાત્રા ૨૭ જૂન ને શુક્રવારને અષાઢી બીજના દિવસે નીકળનાર છે.

આ ભવ્ય પર્વ ની તૈયારી ના ભાગરૂપે સમિતિની એક બેઠક ૨૯ મે ના રોજ મળી હતી જેમાં નવીન કારોબારીની રચના કરવામાં આવી હતી અને આ સનાતન ધર્મની પ્રણાલી ધર્મ અને હિન્દુરાષ્ટ્ર પ્રત્યેની ભાવના જન સમુદાય જાગૃત બને એ હેતુ સાથે શોભાયાત્રા નવીન વિચારધારા સાથે નીકળનાર છે તે અંગે ચર્ચા વિચારણા સાથે સનાતન ધર્મના દાતાશ્રીઓને પણ ખુલ્લા હૃદયથી દાન આપવા સમિતિ આવકારે છે તેવી ચર્ચા થઈ હતી અને ઉત્સવો દ્વારા જ હિન્દુ ધર્મનું સિંચન આવનારી પેઢીમાં જાગૃતતા લાવે છે અને સેવા, સંસ્કાર અને સુરક્ષાની ભાવના યુવા પેઢીમાં જગાડે છે. તો આવો આપણે સૌ શક્તિ ભક્તિ અને સેવા સાથે ધર્મ રક્ષક બની આ દિવ્ય અને પવિત્ર પર્વની ઉજવણી કરીએ તેવા ઉદ્દેશ સાથે ઈડર નગર ઉત્સવ સમિતિ દ્વારા ચર્ચા વિચારણા કરી આ ભવ્ય રથયાત્રા ને સફળ બનાવવા માટે ની ચર્ચા કરી હતી.

# પાલનપુર અને ગઢ પંથકમાં બાજરીના પાકમાં ઈયળનો ઉપદ્રવ વધ્યો , ડ્રોનથી દવાનો છંટકાવ

પાલનપુર અને ગઢ પંથકમાં ઉનાળુ બાજરીનો પાક તૈયાર થવાની અણી પર છે. પરંતુ છેલ્લા પંદર દિવસથી પાકમાં ઈયળનો ઉપદ્રવ વધી ગયો છે. ખેડૂતોની હાલત અત્યારે પડતા પર પાટુ જેવી બની છે. આ વિસ્તારમાં ઉનાળુ બાજરીનું વાવેતર થયું હતું. પાક સારો થયો હોવાથી ખેડૂતોને ઉત્પાદનની મોટી આશા હતી. પરંતુ પંદર દિવસ પહેલા આવેલા કમોસમી વરસાદે પાકને વ્યાપક નુકસાન પહોંચાડ્યું હતું. ત્યારબાદ જે પાક બચી ગયો હતો તે હવે તૈયાર થવાની નજીક છે. ડોડામાં દાણા પણ બેસી ગયા છે. આજની સ્થિતિ એવી છે કે, પાક તૈયાર થવાની ઘડીમાં ઈયળનો ઉપદ્રવ શરૂ થયો છે. ખેડૂતોને હાથમાં આવેલો કોળિયો છીનવાયો હોય તેવી પરિસ્થિતિ સર્જાઈ છે. ગઢ ગામના ખેડૂત ભરતભાઈ ગામીએ જણાવ્યું હતું કે, આઠ વિઘા જમીનમાં બાજરીનો પાક હતો. તેમાં ઈયળ પડતા ડ્રોન દ્વારા દવાનો છંટકાવ કરાયો છે.

Volume : 11 Issue : 48 Owner, Publishers, Printer & Editor : Prakashbhai R. Chaudhary, At: 5, Sarsavati Society, Nagalpur Highway Road, Mehsana- (N.G) 384002
Place Of Publication : 9, Ambica Complex, S.T. Work Shop Road Near Bhamriya Nala, Didtrict Mehsana • Printed at : GARVI TAKAT OFFSET-5, Ambika Complex, T.B. Road, Mehsana- 384002